
# અધ્યાત્મ



વર્ષ : ૧૧   જુલાઈ-૧૯૯૦   અંક : ૧૦

## * સદ્‌ભાવભરી ભેટ *

પ્રભુ કે સંતપુરુષો ક્યારે કોને કેવી પ્રેરણા કરતા હોય છે, તે આપણે પ્રત્યક્ષ તો જોઈ શકતા નથી, પરંતુ તેનો પરોક્ષ અનુભવ જીવનમાં જરૂર કરતા રહીએ છીએ. અધ્યાત્મને મળતી સદ્‌ભાવભરી સહાય એ અમારે માટે પરોક્ષ નહિ, પરંતુ પ્રત્યક્ષ અનુભૂતિનો વિષય બની રહ્યો છે. એવું અમે વરસોથી જોતા આવીએ છીએ. એટલે એને ચલાવવાની ચિન્તા અમને થતી નથી. છેલ્લે મળેલી સહાયની વિગત નીચે મુજબ છે:-

રૂા.

૧૧ શ્રી બાલમુકુન્દ શ્રોફ, મોરબી.

૧૧ શ્રી ભૂપેન્દ્રસિંહ સુરતિયા, ભરૂચ.

૨૧ શ્રીચંપકભાઈ કે. ત્રિવેદી, મુંબઈ-પુત્ર સુશીલને ત્યાં પુત્રજન્મની ખુશાલીમાં.

૫૧ શ્રેયસ્ સીમેન્ટ કોરપોરેશન, સુરત.

૧૦૧ શ્રી રમેશભાઈ જગુભાઈ પટેલ, સુરત-પુત્રી ફાલ્ગુનીને પુત્રી જન્મી તે નિમિત્તે.

૨૦૨ શ્રી રમેશભાઈ જ. પટેલ, સુરત-મા-પ્રભુના આશીર્વાદથી પુત્રીઓ હેમિની અને તેજલના વિવાહ નકિક થતાં.

૨૫ સુરેખા ભાવસાર, સુરત-ભત્રીજીના વિવાહ નિમિત્તે.

૨૫ વડોદરાના એક સાધક તરફથી.

૧૦૧ શ્રી મહેન્દ્ર ટી. વ્યાસ, વડોદરા-કઠિન કાર્ય સિદ્ધ થતાં.

(વધુ અંદરના પાને)

# અધ્યાત્મ

આધ્યાત્મિક વિકાસની નવી જ ક્ષિતિજ ખોલતું ગુજરાતી માસિક
છૂટક નકલ ૨-૦૦ વાર્ષિક લવાજમ દેશમાં રૂ. ૧૫-૦૦
વિદેશમાં રૂ. ૧૨૫-૦૦ (વિમાનથી)

- **સંસ્થાપક** પ. પૂ. યોગેશ્વરજી સર્વમંગલ ચેરીટેબલ ટ્રસ્ટ (રજી. અમદાવાદ).
- **તંત્રી-સંપાદક** શ્રી નારાયણ હ. જાની.
- **સહસંપાદકો** શ્રી નાનુરામ દુધરેજીયા, શ્રી ભાઈલાલભાઈ છાટબાર, શ્રી મણિભાઈ સી. શાહ.
- **પ્રકાશન અને પ્રાપ્તિસ્થાન** 'અધ્યાત્મ' પ્લોટ નં. ૧૬૮૮ બી. સરદાર નગર, ભાવનગર-૧
- **તંત્રી, મુદ્રક અને પ્રકાશક** નારાયણ હ. જાની. ફોન ૨૫૮૧૧
- **મુદ્રણસ્થાન** રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ, ૫૩/૫૪ સી, બોરડીગેટ, ભાવનગર-૧

### લેખકોને નિમંત્રણ

- અધ્યાત્મમાં લેખો, ભજનો કે ગીતો મોકલાવવા લેખકોને નિમંત્રણ છે. અધ્યાત્મની ભાવનાને અનુરૂપ જ લેખો સ્વીકારવામાં આવશે.
- લખાણ કાગળની એક બાજુ ને સારા મોટા અક્ષરે લખેલું હોવું જરૂરી છે. બીજાં સામયિકોમાં પ્રસિદ્ધ થયેલ લેખોની નકલો ન મોકલાવવા વિનંતી છે.

### 'અધ્યાત્મ' અંગે સૂચનો

- ગ્રાહકોને ગ્રાહક નંબર સરનામા સાથે લખવામાં આવે છે તે નોંધી લેવો.
- 'અધ્યાત્મ' જો આપને ગમ્યું હોય તો આપના પરિચિત વર્ગમાં તેના ગ્રાહકો વધે તેવું આપ કરતાં રહેશો.
- 'અધ્યાત્મ' દર માસની દસમી તારીખે પ્રસિદ્ધ થશે. કોઈ કારણે એકાદ અઠવાડિયા સુધી અંક ન મળે તો સ્થાનિક ટપાલ કચેરીમાં તપાસ કર્યા પછી અત્રે જણાવવું. સિલિકમાં હશે તો જરૂર મોકલી આપશે.
- પત્રવ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર લખવાથી વધુ સરળતા રહેશે.
- 'અધ્યાત્મ' અંગે કોઈ સૂચનો કરવાના હોય તો નિઃસંકોચ કરવા અનુરોધ છે.
- દર મહિનાની તા. ૮ સુધીમાં જે ગ્રાહકોનાં નામ અત્રે મળી જશે, તેમને તા. ૧૦મી એ અંક રવાના કરવામાં આવશે.

# અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| શ્રી યોગેશ્વર કથામૃત | મા શ્રી સર્વેશ્વરી | ૩ |
| માતૃદર્શન–સ્વર્ગારોહણની અટારીએથી-૧ | ગોરધનભાઈ કલોલા | ૧૪ |
| શ્રી યોગેશ્વરજી અને વસ્ત્રપરિધાન | નારાયણ હ. જાની | ૨૭ |
| શ્રીમદ્ ભાગવત વિષે આટલું જાણો | જનાર્દનભાઈ દવે | ૩૨ |
| ચણોઠી | ધૂની માંડલિયા | ૩૪ |
| મૂક અજંપો પીડે | ડૉ. રણજિત પટેલ | ૩૫ |
| વિચારશક્તિ | રતિલાલ ભાવસાર | ૩૮ |
| રામાયણ–પારાયણ | સુરેશભાઈ શાહ | ૩૯ |
| શ્રી શ્રી શારદામાનાં સંસ્મરણ | સરયૂબાલા | ૫૩ |
| નિવૃત્તિ | રતિલાલ સાં. નાયક | ૫૭ |
| લક્ષ્મીનો વિનિયોગ | એક અનામી સંત | ૬૦ |
| રામકથા | શ્રી યોગેશ્વરજી | ૬૨ |




# અધ્યાત્મ

**વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવન સહારો**

**–મા સર્વેશ્વરી**

વર્ષ : ૧૧ જુલાઈ–૧૯૯૦ અંક : ૧૦

## શ્રી યોગેશ્વર કથામૃત

**મા શ્રી સર્વેશ્વરી**

**વિ. સં. ૨૦૩૬ આસો સુદ છઠ ને બુધવાર**

**તા. ૧૫/૧૦/૮૦, સ્થળ : 'અધ્યાત્મ', સરદારનગર, ભાવનગર.**

નિત્યક્રમ શરૂ થતાં પહેલાં આજે ૩–૩૦ થી ૫–૦૦ સુધી પૂ. શ્રીએ મંત્રજપ કર્યા. સર્વેશ્વરીએ રામાયણનો પાઠ કર્યો.

ત્યારપછી લગભગ છ સુધી વાતો થઈ જેમાં અસ્થિ વિસર્જન માટે ક્યાં કંઈ રીતે જવું તેની વિગતવાર વિચારણા થઈ.

નિયમિત વ્યાયામ બાદ આજે પૂ. શ્રીએ માતાજી ઉપર બે કાવ્યો (સોનેટ) લખ્યાં, જેનાં શીર્ષક હતાં 'અમર મૃત્યુ' અને 'ભાવના.'

સાડા અગિયારે શ્રીનારાયણભાઇ, બકુભાઇ તથા સીવીલ હોસ્પટલના સામેના ક્વાટર્સના પ્રેમી સેવક ભાઇશ્રી પ્રતાપભાઇને ત્યાંથી ત્રણબેનો અને રૂમમાં પાણી ભરવાનું કામ કરનારા માજી આવ્યાં. ખાસ સત્સંગની વાતો ન થઇ માતાજીના સ્મશાનયાત્રાના ફોટા બતાવ્યા. વળી ઘોઘાના સ્થાનમાં દરિયામાં અસ્થિવિસર્જન આઠમને દિવસે એટલે તા. ૧૭ મીએ કરવાની વાતો થઇ.

ભોજન માટે દરરોજની જેમ પૂ. શ્રી બહાર આવીને બેઠા.

નાનકડો અજય બન્ને પ્યાલામાં પાણી રેડવામાં રોકાયેલો હતો, ત્યાં શ્રી નારાયણભાઇ અજયને કહે છે–

"ઉતાવળ કર, તારાં જીજી (સરસ્વતીબેન) હાથમાં રસોઇનાં વાસણો લઇને ઊભાં છે."

પૂ. શ્રી આ સાંભળતા હતા, એથી બોલ્યા:–"અરે ભાઇ! સંતોના ભોજનનું એક વાસણ જેટલું પણ ઉંચકો અર્થાત્ સંતોનું નાનામાં નાનું કામ કરો તો એટલો લાભ જ છે અને એમાંય પ્રસન્નતાથી એ કામ કરો તો વળી વધારે લાભ થાય છે."

સર્વેશ્વરી:–તો પછી મહાત્માજી આ અજય તમે જે શેત્રંજી ઉપર બેસીને ભોજન કરો છો તે દરરોજ પકડીને બેસી રહે તો તે જપ–તપ ન કરે તો ચાલે શું?

પૂ. શ્રી:–હા ચાલે, પણ શેત્રંજી પકડી રાખવાનું અઘરું છે, અને તે પણ "લગ્ન થઇ જાય પછી તો પંક્ચર પડ્યા જ કરે."

ભોજનબાદ બે કાવ્યો વાંચી સંભળાવે છે આવેલી ટપાલો જુએ છે. 'અધ્યાત્મ'નો બીજો અંક માતાજીના સ્મૃતિ અંક તરીકે જનતા સમક્ષ મૂકવાની વિચારણામાં માતાજીના કયા કયા ફોટા મૂકવા, તેની પસંદગી થઇ રહી છે.



ત્યાંજ મોરબીથી અમારા પ્રેમી ભાવિક ભાઇ શ્રી હરિ આવી ગયા.

શ્રી હરિ સાથે અસ્થિ વિસર્જનની યાત્રાની વાતો થાય છે, એમાં જ અઢી વાગી જાય છે. પૂ. શ્રી આરામ કરે છે.

પાંચ વાગે પૂ. શ્રી આરામમાંથી નિવૃત્ત થઇ સ્નાન કરે છે. ૬–૩૦ ના કાર્યક્રમમાં હાજરી આપવા ૫–૪૫ કલાકે પૂ. શ્રી બહાર આવીને આંટા મારે છે.

શ્રી નારાયણભાઇ અને શ્રી હરિ આવે છે. પ્રણામ કરી બેસે છે. વાતો શરૂ થાય છે. માતાજીની વાતો જેમાં માતાજીનું મંગલમય મૃત્યુ ને વિરોધી વિચારવાણીવાળા સાધકોની વાતો થાય છે.

બરાબર સાડા છ વાગ્યે ગીતાપાઠ–સ્તુતિ ભજનો, ધૂન શરૂ થઇને લગભગ સાત વાગ્યે પૂર્ણ થાય છે.

ત્યારબાદ આજની શ્રાદ્ધાંજલિમાં શ્રી હરિ ભાગ લે છે. તેમણે કહ્યું, "સૌને માતાજી આપણાં પોતાનાં લાગતાં હતાં. તેઓ કરુણાની મૂર્તિ હતાં. તેમની માંદગી ઘણી નાની છતાં ભયંકર હતી. શાંતિથી વિદાય લઇ જગદંબામાં ભળી ગયાં. એને આપણા જેવા વામણા માનવો શું અંજલિ આપી શકે?"

પૂ. શ્રીએ પોતાના નાનકડા વક્તવ્યમાં કહ્યું, "માતાજીના જીવનમાં માંદગીના ઘણા પ્રસંગો આવ્યા હતા. વળી એઓ ઉપવાસ કરી શકતાં ન હતાં. ઉપવાસો કર્યા જ નથી. અગિયારસ પણ એક ટંક ભોજન લઇને જ કરતાં."

"આપણે શાસ્ત્રોમાં વાંચીએ છીએ ઉપવાસથી તન ને મન શુદ્ધ બને છે. જાણે માતાજીને ઉપવાસોનું તપ જરૂરી હશે એટલે

અંતિમ અવસ્થામાં કર્યું ને શુદ્ધ મન સાથે તેઓ વિદાય થયાં."

આજે બાર દિવસ થયા. આવતી કાલે તેરમો દિવસ છે. તેરા દિવસ છે. જીવ ભગવાનનો છે. પ્રભુનો જ છે. મારો છે એમ માનીને નાહક દુ:ખી થાય છે. એ જીવ તેરા હૈ, તારો છે, હે પ્રભુ. એમ આ તેર દિવસ યાદ કરાવે છે. જીવ પ્રભુનો છે. આવતી કાલે આ કાર્યક્રમની પૂર્ણાહુતિ છે. એમ કહી પૂ. શ્રીએ શાંતિમંત્ર બોલી સત્સંગ પૂર્ણ કર્યો.

સાંજના અલ્પાહારમાં બટાકાનું શાક ને દૂધ લઇ મેદાનમાં પૂ. શ્રી આંટા મારે છે. વળી ૯-૦૦ વાગ્યાને વાર હોઇ રેડિયો ચલાવી પોતાની ઘડિયાળ મેળવી લે છે.

આવતી કાલે ચંડીપાઠનું વાંચન આ ઉતારા પર થાય એવી ગોઠવણની વાતો થાય છે. પછી આરામ.

**વિ. સં. ૨૦૩૬, આસો સુદ સાતમ ને ગુરુવાર.**

**સ્થળ : 'અધ્યાત્મ', સરદારનગર, ભાવનગર.**

આ મહાન વિભૂતિ તો ક્ષણે ક્ષણે સત્સંગ આપ્યાં કરે છે. એને ઝીલવાની, એના ઉપદેશોને યોગ્ય બનવાની, પાત્રતા પ્રભુ આપતો રહે-એજ આજના મંગલ પ્રભાતની પ્રાર્થના છે.

ગઇકાલે રાતે રાજકોટ શ્રી શાંતિભાઇને ફોનથી ખબર આપી ને શ્રી નારાયણભાઇ અને શ્રીહરિ પૂ. શ્રીને પ્રણામ કરવા આવ્યા, ત્યારે નવ વાગીને આગળ ઘડિયાળ ચાલી રહી હતી છતાં સત્સંગ શરૂ થયો.

સંતોની નિંદા કરનારને શારીરિક કષ્ટો કેવાં સહેવાં પડે છે. તેવા નિંદકોની પણ સાચી ને યોગ્ય ગુણોની પ્રશંસા કરી કરીને સંતો તેમને ઠેકાણે રાખે છે.



પોતાના નિંદકોની પ્રશંસા કરવાથી તે નિંદકો પ્રશંસા સાંભળીને પણ યોગ્ય માર્ગે વળે, તે જીવનું કલ્યાણ થાય એ દૃષ્ટિએ સંતો કલ્યાણકાર્ય કરતાં રહે છે. તેની વાતો શરૂ થઇ.

શ્રી પરશુરામ રાવળ (રામાયણ પ્રેમી) ને ત્યાં એક મહાત્મા આવે છે. તેમણે પૂ. શ્રી યોગેશ્વરજીને યોગ્ય રીતે સમજી પ્રશંસા કરી જેથી શ્રી રાવળભાઇની શ્રદ્ધાભક્તિ પૂ. શ્રી યોગેશ્વરજીમાં વધી, એ વાત શ્રી નારાયણભાઇ રજૂ કરે છે.

પૂ. શ્રી કહે છે, ઘણાં સંતો એ રીતે ગુણગ્રાહી હોય છે. સ્વામી માધવતીર્થના શિષ્ય કૃષ્ણાનંદ પોતાને આમંત્રણ આપી તેમના પ્રવચનોમાં થોડું બોલવા સુરતમાં લઇ ગયા. તેમની નમ્રતા ને શ્રદ્ધાભક્તિ ને પૂજ્યભાવ કેવો અદ્‌ભુત હતો તેનું વર્ણન પૂ. શ્રીએ કરી બતાવ્યું.

સવારે લગભગ પોણાદશે સત્સંગ પૂર્ણ થયો. પૂ. શ્રી આરામ માટે પોતાના રૂમમાં જાય છે.

સવારે રામાયણનો પાઠ પાંચ વાગ્યે મેં શરૂ કર્યો, ત્યારે પૂ. શ્રી પોતાના જપ રાત્રે (મધ્યરાત્રિએ) પૂરા થાય છે એમ કહે છે. છતાં ફરી લગભગ એક કલાક ઓશરીમાં જપ કરતાં કરતાં આંટા મારે છે. વચ્ચે થોડું પલંગ ઉપર શાંતિથી બેસે છે પણ ખરા.

પરમાત્મભાવમાં મગ્ન રહેતા આ પ્રગટપ્રભુની પ્રભુમસ્તી કંઇ ઓર જ હોય છે.

સવારે સ્નાનબાદ વ્યાયામ કરે છે. બરાબર નવ વાગ્યે પૂ. શ્રીના રૂમનાં બારણાં ખોલીને સર્વેશ્વરી દૂધ આપવા જાય છે. દૂધ લેતાં લેતાં મને કહે છે, "જગદંબા કહે છે કે છોકરો

રાજકોટથી આવશે ને ગાડી લઇને યાત્રામાં પણ આવશે." મને આ વાત સાંભળી આનંદ થયો.

હજારો માઇલ દૂર રહેલા ભાવિકભક્તની ઇચ્છાને સંભવિત જવાબો તેના આવતા પહેલાં જ પૂ. શ્રી મેળવી લે છે.

દૂધ પીધા પછી પૂ. શ્રી માતાજીના સ્વર્ગવાસ પછી આવેલા જુદા જુદા ભક્તોના પત્રોમાંથી અંજલિરૂપે 'અધ્યાત્મ'માં શું આપવું તેની નિશાની કરી લે છે. ત્યારબાદ લેખનકાર્ય શરૂ કરે છે.

ચંડીપાઠના વાચન માટે એક ભાવિકભાઇ આજે આવનાર છે તે અંગે પૂ. શ્રી સર્વેશ્વરીને સૂચન આપે છે.

સર્વેશ્વરી:-ચંડીપાઠ વંચાવવાની શું જરૂર?

પૂ. શ્રી:-આ તો માતાજી પાછળ એક સત્કર્મ. અમે ગયા વરસે પણ એનો પાઠ કરાવ્યો હતો.

સર્વેશ્વરી:-એ સત્કર્મનું ફળ કોને મળે?

પૂ. શ્રી:-વિશ્વકલ્યાણર્થે.

આટલી વાતચીત બાદ પૂ. શ્રી માતાજીના જીવનપ્રસંગો ઉપર થોડું લખે છે. સર્વેશ્વરીને પણ માતાજીના જીવનપ્રસંગો ઉપર થોડું લખવાની પૂ. શ્રી સૂચના આપે છે. સવારે સાડા અગિયારે મહાત્માજી બહાર આવી જાય છે. આજે સર્વેશ્વરી માતાજી ઉપર લેખ તૈયાર કરે છે તે મહાત્માજી જુએ છે. પછી આજે ગુરુવાર હોવાથી સાઇબાબાની સ્તુતિ ગાવામાં આવે છે. સ્તુતિ પૂરી થઇ ત્યાં જ મહાત્માજી કહેવા લાગ્યા:-

"આખો ચંડીપાઠ ન બોલો ને પાંચ જ શ્લોક બોલો તો તેટલું જ ફળ મળે છે. બોલો (સર્વેશ્વરીને) પેલા શ્લોકો."

એટલે સર્વેશ્વરી પાંચ શ્લોકો બોલે છે જેમાં દક્ષિણેશ્વર-



વાસીની, સર્વેશ્વરી, જ્યોતિર્મયીની દેવીરૂપે સ્તુતિ કરવામાં આવી છે.

શ્લોક પૂરા થતાં જ રાજકોટથી શાંતિભાઇ આવે છે તે પ્રવેશે છે. તેઓ સર્વેશ્વરીને વંદન કરી ફળો અર્પણ કરે છે. તેથી સર્વેશ્વરી કહે છે:-

"જુઓ મહાત્માજી તમે કહ્યું તે તદ્દન સત્ય છે મને હમણાં જ ફળ મળી પણ ગયું."

એટલામાં નારાયણભાઇ પોતાનો ચંડીપાઠ પૂરો કરી અમે સૌ બેઠા છીએ ત્યાં આવે છે.

નારાયણભાઇને મહાત્માજી આ ચંડીપાઠના તરત મળેલા ફળની વાત કરે છે.

"ચંડીપાઠને બદલે આ શ્લોકો બોલો તો પણ ફળ મળે એનો અર્થ એ નથી કે ચંડીપાઠ ન કરવો. એક અવસ્થા એવી થાય કે પાઠથી પણ ઉપર ઉઠાય ત્યારે આ શ્લોકો આવે પછી તો હે મા! દર્શન આપો, મા દર્શન આપો, એ શરૂ થાય ને મા પ્રગટ થાય."

પછી સર્વેશ્વરી કહે છે કે મહાત્માજી સાઇબાબ આ તમે પહેરો છો એવી લુંગી જ પહેરતા?

મહાત્માજી:-ઘૂંટણ સુધીની કફની પહેરતા.

સર્વેશ્વરી:-કફની કેમ ફાટેલી જ પહેરતાં?

મહાત્માજી:-એ તો ફોટો લીધો ત્યારે ફાટેલી હશે. એનો અર્થ એવો થોડો કે દરરોજ એવી ફાટેલી કફની જ પહેરતાં!

"ઘણાં સાધુ મહાત્માઓ જાણી જોઇને ઢંગધડા વગરનાં ગંદાં કપડાં પહેરીને ફરતા હોય છે. ભક્તો એવું માનતા હોય છે કે

દાઢી વધેલી હોય, જેમ તેમ ખાતા હોય, જેમ તેમ બેઠા હોય, ને જેવા તેવા કપડાં પહેરતા હોય તે સિદ્ધ મહાત્મા ગણાય." વિ.

જે ભાઈ આજે ચંડીપાઠ કરવા આવ્યા તે ભાઈનો દરરોજ જ ચંડીપાઠ કરવાનો નિયમ છે, તે સાંભળી ને મહાત્માજી કહેવા લાગ્યા, "એક સંન્યાસીનો નિયમ જીવનભર ભાગવતનો શુદ્ધ સંસ્કૃતમાં પાઠ કરવાનો છે. તેની વાત, પછી વળી રામકૃષ્ણદેવની ફોટામાં દેખાતી દાઢી વિષે રસપ્રદ વાતો ચાલે છે. મહાત્માજી એ રીતે વિનોદ કરીને હસાવીને સત્સંગ કરાવે છે."

સમય થતાં ભોજન લેવામાટે મહાત્માજી બહાર આવે છે. તે દરમ્યાન સૌ વિખેરાઈ જાય છે.

આજે ભોજનમાં ખીચડીમાં મીઠું ન હતું તેથી ભોજન ન લીધું. લેવામાં કશો રસ ન પડ્યો. જેથી પપૈયું, દૂધ, બિસ્કીટ વિ. મહાત્માજી લે છે.

ભોજનબાદ શ્રી શાંતિભાઈ સાથે યાત્રાએ જવાની મહત્ત્વની વાતો શરૂ થાય છે. શાંતિભાઈ યાત્રામાં આવવા પ્રસન્નતાથી તૈયાર થાય છે. વાતોમાં લગભગ ૩-૩૦ વાગી જાય છે. જે નિર્ણય શાંતિભાઈએ બે વાગ્યે આપ્યો તે નિર્ણયની જાણ પૂ. મહાત્માજીએ શાંતિભાઈના આવતા પહેલાં સવારે જ કરી હતી.

વરસોની તપશ્ચર્યા બાદ એ શક્ય છે, જેનો અનુભવ થઈ રહ્યો છે.

પૂ. શ્રી આજે ૩-૩૦ વાગે આરામ કરે છે. સર્વેશ્વરી પૂ. માતાજી ઉપરનો લેખ તૈયાર કરે છે.

પાંચ વાગ્યે સાંજે મહાત્માજી સ્નાન કરી લે છે. પછી



રવિધૃતિ પુસ્તકનું થોડીવાર અવલોકન કરે છે. પછી પોણા છએ બહાર આવીને બેઠા છે.

શ્રીનારાયણભાઈ એક ભાઈનો 'અધ્યાત્મ'માં મુકવાનો લેખ મહાત્માજીને વાંચી સંભળાવે છે. મહાત્માજી એમાં સુધારાનાં સૂચનો કહે છે.

એક બેન ભજનોનો રાગ શીખવા માટે આવે છે તેને એક બેનનું સરનામું આપવામાં આવે છે.

સાડા છ વાગ્યે ગીતાપાઠ, ભજનો, ધૂન કાર્યક્રમ શરૂ થયો છે. આજે "જય અંબે માત ભવાની" ને "શ્રી યોગેશ્વરાય નમઃ" ની ધૂનમાં આનંદ આવ્યો છે.

એ કાર્યક્રમ બાદ પૂ. શ્રી પોતાનું નાનકડું છતાં મનનીય પ્રવચન આપે છે.

આજના છેલ્લા પ્રવચનમાં પૂ. શ્રીએ માતાજીની વિદાયને તેર દિવસ થયા તેના ઉપરથી એક પ્રસંગ કહે છે.

પંજાબ પાસે કપૂર થલા નામના શહેરની પાસે સુલતાનપૂરના નવાબ ને ત્યાં કોઠારી તરીકે ગુરુ નાનક કામ કરતાં. દરરોજ અનાજનું વજન કરવાનું રહેતું. વજન કરતી વખતે એક, દો, તીન, ચાર એમ કરતાં કરતાં તેરા સુધી આંકડો પહોંચ્યો તો તેરા શબ્દથી ગુરુનાનક ચમક્યા. વારંવાર તેરા, તેરા, તેરા બોલવા લાગ્યા.

આ જીવ પ્રભુ તારો છે તો પછી આ નોકરી શા માટે? ગુરુ નાનકને સમજાઈ ગયું. નોકરી છોડી ભારતની પાંચવાર પગે ચાલીને યાત્રા કરી. યાત્રા દરમ્યાન દરેક જગ્યાએ આ તેરા શબ્દનો જ સંદેશ તેઓએ આપ્યો.

માતાજીની પરદેશની મુસાફરીમાં વિમાનમાં સંડાસની પાણીની સમજ. પોતે જાતે સાથે લઇ જઇને આપતા. માતાજીને નિરાંત હતી કે દુનિયાના કોઇપણ ખુણે જવાનું હોય, પણ મહાત્માજી સાથે હોય તેથી શાંતિ. એ રીતે ઇંગ્લેન્ડ, અમેરિકા, કેનેડાની યાત્રા થઇ. ધોતિયું ઓળખ માટે શ્રેષ્ઠ સાધન છે તેની વાતો થઇ.

માતાજી જીવતાં જ બધાં તીર્થોમાં ફરી ફરીને પોતે તીર્થમય બની ગયાં હતાં.

તીર્થના દર્શનથી માણસે તીર્થ જેવા બનવું જોઇએ. તીર્થ જેવા પ્રેરક ને પવિત્ર.

"વરસો સુધી ગંગાકિનારે રહ્યાં. ગંગામાં ધરાઇને નાહ્યાં. ધરાઇ ધરાઇને પાણી પીધું. ગંગાના પાણીમાં જ રસોઇ પણ બનાવી. તેવાં માતાજીને અંતકાળે ગંગાજળ મુકાય તો પણ શું ને ન મુકાય તો પણ શું? હું તો કહું છું કે માણસે જીવતાં જ જેટલું ગંગાજળ પીવું હોય એટલું જઇને પી આવો. તુલસીપત્ર અંતકાળે મુકાય કે ના મુકાય, એના કરતાં દરરોજ તુલસીનાં દશબાર પાન ચાવી નાંખો. મેલેરિયા નહીં થાય. કોઇ પણ વાત ઉધાર ન રાખો."

"માતાપિતાની સેવા કરો, એમની આંતરડી ઠારો, એમના આશીર્વાદ મેળવો. સમાજમાં વૃદ્ધો, સાક્ષરો, જ્ઞાનીનો આદર કરો."

"મારા જશોનાથના પ્રવચનોમાં શ્રી વિજયરાવ વૈદ્ય, શ્રી રવિશંકર જોશી આવતાં. હું એમને સંચાલકો પાસે ખાસ આસન મુકાવી બેસવાની વ્યવસ્થા કરતો ને એકવાર શ્રી



રવિશંકરને ઘરે પણ મુક્યા પછી જ હું મારા ઉતારા ઉપર ગયેલો."

આવી સુંદર વાતો થઇ. આનંદ આવ્યો. સત્સંગ પૂર્ણ થયો.

આજે પૂ. શ્રી બાફેલાં બટાકાંને શક્કરીયાં તથા દૂધ અલ્પાહારમાં લે છે.

અલ્પાહાર પૂર્ણ થાતાં જ 'અધ્યાત્મ' માસિક જે પ્રેસમાં છપાય છે તે રાધેશ્યામ પ્રેસના માલિક ભાઇઓ પૂ. શ્રીના દર્શને પધારે છે.

મોટાભાઇ અપરણીત છે. પૂ. શ્રીનથુરામ શર્માના ભક્ત છે. અવારનવાર બીલખા જાય છે. શ્રીનથુરામ શર્માજીના આશ્રમનું છપાઇકામ પડતર દરે કરી આપે છે.

તેમની સાથે પૂ. શ્રી પોતે બીલખા ગયા હતા તે વાત, ત્યાંના ધ્યાનખંડની પવિત્રતાની વાતો કરે છે, રાજકોટના હરિહરભાઇ જોશી (એચ. એમ. જોષી) સાથે તેઓ ગયા હતા તેમની પણ વાતો કરે છે.

પછી બન્ને ભાઇઓને પૂ. શ્રી પૂછે છે તમે ગાયત્રી જપો છો? જવાબ હામાં મળે છે.

વાતો બાદ પૂ. શ્રી રૂમમાં આવે છે ત્યાંજ સર્વેશ્વરીના ચાર પાંચ ભજનો જેની કોપી કરવા આપી હતી તે કોપીના કાગળમાં પૂ. શ્રી સુધારા બતાવે છે. વળી પોતાના લેખની કોપી પણ યોગ્ય રીતે સુધારી નારાયણભાઇને પહોંચાડે છે.

બરાબર સાડાનવ ને દશ મિનિટે પૂ. મહાત્માજી આરામ કરે છે. સર્વેશ્વરી નોંધ પૂર્ણ કરે છે. હરિ: ૐ

(ક્રમશ:)

# માતૃદર્શન-સ્વર્ગારોહણની અટારીએથી-૧

ગોરધનભાઈ કલોલા (કલ્યાણ)

માતૃદર્શનનો મહિમા જેણે એકવાર જાણી લીધો છે તેમને તો એ 'દર્શન' વિના ઘડી પણ નથી ચાલતું. આપણે અહીં એ 'દર્શન'નો મહિમા ગાવો નથી, બસ, એ મંગલ માતૃદર્શનનો લાભ જ લેવો છે. મીટ માંડી લેવી છે એ વાત્સલ્યસભર નયનો સામે.

બીજાને શા માટે પૂછીએ? આપણે જાતે જ ઝાંખી કરીએ એ માતૃરૂપની! જુઓ! શું દેખાય છે એ નયનોમાં? દિવ્યતૃષા સિવાય છે બીજી કોઈ તરસ? એ નિર્મળ નિર્દોષ નયનોમાં પ્રભુના પ્રેમના પુર સિવાય ઉમટે છે બીજું કંઈ? તો પછી એ પ્યારભર્યા નયનોમાં ખોવાઈ જવાની વાર શા માટે લગાડીએ? એ સુવર્ણતક કદાચ યુગો પછી ના પણ આવે? એ શ્રીચરણકમળોને પણ ચારે તરફથી જોઈ વળીએ તો કેમ? પ્રભુપંથ સિવાય એક નાનકડી પગલી ય પડી છે અવળે રસ્તે? છે એવી કોઈ મિશાલ કે જેમણે એ મુખારવિંદમાંથી પ્રભુકીર્તનના શુભગાન સિવાય બીજું કંઈ સાંભળ્યું હોય! પ્રભુસેવાની પ્રેમભરી માવજત કરતાં એ શુભહસ્તોને ક્યાં અનેકોએ નથી જોયા? નખશીખ નજર ફેરવી લઈએ કે એ શ્રીવિગ્રહના અણુએ અણુમાં દિવ્ય સનાતન પ્રેમસંગીત સિવાય બીજું કંઈ સંભળાય છે? છેક શિશુવયથી અત્યાર



સુધીના એ જીવનપરના ઈતિહાસને ઝીણવટથી તપાસી જાઓને? છે ક્યાંય તણખલા જેટલીય સાંસારિક તૃષ્ણાનો અણસાર? ખાતરી કરી લઈએ, કસોટી કરી લઈએ, પણ પછી નિઃસંશય મંડી પડીએ એ ચરણામૃતનું પાન કરવા. પછી શા માટે પાછું વળી જોવું? એક ઘેલછા જ લગાડી દઈએ અંતરમાં કે –

ચરણે પડી તમારા, માગું એજ સદાને કાજપ્રભુ!
તન મન અંતર ભજે તમોને, તમને સેવું તેમ લભુ!

બસ, આ પ્રાર્થના કરતાં કરતાં ફરીથી લાગી જઈએ એ લીલાદર્શનના રટણમાં.

આજે તા. ૨૬, સપ્ટેમ્બર '૮૯. બપોરના અગિયાર વાગવા આવ્યા છે. બસ, આજ શુભઘડીએ પૂ. મા ખેડબ્રહ્માથી અંબાજી વિશ્રામગૃહમાં પધાર્યા છે. સ્મિત વેરતાં વેરતાં જ મોટરમાંથી ઉતરતાં આસપાસ ઊભેલા છોકરાઓના ખબર અંતર પૂછતા પૂછતા, એ પ્રેમભર્યા લ્હેકાઓથી આસપાસના વાતાવરણને ભરી દેતાં પૂ. મા ધીમે પગલે ઓફિસમાં પધાર્યા છે. જીવીબેન અને ભાઈશંકરભાઈને યાદ કરતાં સોફા પર બિરાજતાં, એક નાનકડી શીશી થેલીમાંથી કાઢે છે. પૂ. મા જાતે જ એ શીશી ખોલવા પ્રયત્ન કરે છે પરંતુ જલ્દી ખુલતી નથી. ખેડબ્રહ્મામાં શ્રી ભાઈશંકરભાઈએ આ અત્તરની શીશી પૂ. માને અર્પણ કરી છે. શીશીને ખુલતાં થોડીવાર લાગતાં પૂ. મા કહે "કોઈના જીવનમાં સુગંધ પ્રસરાવતાં વાર લાગે છે. સાંસારિક દુર્ગંધથી ટેવાયેલા જીવને પ્રભુપ્રેમની સુગંધ પ્રયત્ન કર્યે પણ માફક આવતી નથી. છતાં અમે તો પાછળ પડી જ જઈએ છીએ" એમ કહી દરેકને અત્તરનું એક એક પુમડું પ્રસાદીમાં

સ્વહસ્તે આપે છે. અત્તરની સુગંધ સાથે માતૃપ્રેમની મ્હેંકથી વાતાવરણ ભર્યું ભર્યું બની જાય છે. પૂ. માનું શુભાગમન એટલે જીવશિવના મિલનનો મંગલ મહોત્સવ. નથી કોઇ તૈયારી, નથી શણગાર કે ઝાકઝમાળ છતાંય દીપે છે એ મહોત્સવ પ્રેમભર્યા હૈયાઓના ઉલ્લાસથી! ચાલોને માણી લઇએ, આ અવસર! ફરીને પાછો ક્યારે મળશે?

સ્વર્ગારોહણના સારથિ શ્રી બાલુભાઇ પાસે જ ઊભા છે. તેમને શુભાશિષ પાઠવતા પૂ. મા કહે, "શિવાજી જયંતીના દિવસે જ શ્રી બાલુભાઇનો જન્મ, તેથી નિડરતા અને હિંમતના ગુણો તેમને સહજ મળ્યા છે. અફઝલખાં જેવા મોહશત્રુને પરાસ્ત કરવાની બહાદુરી તેમણે બતાવી છે. સાંસારિક મોહ કિલ્લાનો ધ્વંશ કરી ગુરુદેવ પ્રભુના પ્રેમ મહેલની માવજત કરી રહ્યા છે." પૂ. મા શ્રી બાલુભાઇની નિઃસ્વાર્થ સેવાથી ખૂબ પ્રસન્ન છે. શ્રી બાલુભાઇ પ્રત્યેનો પ્રસન્નભાવ પૂ. માથી સહજ રીતે વ્યક્ત થયાં કરે છે.

પૂ. મા હજુ સોફા પર જ બિરાજ્યાં છે. ત્યાં પૂ. માની નજર એક અવાજ પર કેન્દ્રિત થઇ ગઇ. જોયું તો ઓફિસનું બારણું ખોલતાં તે બારણું, બારણા પાછળ ભીંતપર ટાંગેલી શ્રી રમણમહર્ષિની છબી સાથે અથડાયું. એટલે પૂ. મા તરત જ બોલ્યાં, "જુઓ, રમણમહર્ષિ કહી રહ્યા છે કે હું અહીં બેઠો છું" સહજપણે પણ કેટલું ઉચિત પૂ. મા બોલ્યાં! પહેલી ટકોર તો આપણી બેદરકારી તરફ કરી કે મહાપુરુષોની છબીઓ એવી જગ્યાએ ગોઠવવી જોઇએ કે તેમનાં દર્શન પણ થાય અને એ જગ્યાએથી એમનું ગૌરવ પણ વધે, બીજી ટકોર એ કરી કે એ છબીઓ સાથેનો આપણો વ્યવહાર જીવંત હોવો જોઇએ.



છબીઓ સાથેનો અજાણ્યે પણ થતો દુર્વ્યવહાર એ મહાપુરુષો સાથેના દુર્વ્યવહાર બરાબર છે. પૂ. માએ તે શ્રી રમણમહર્ષિની છબી તુરત જ ત્યાંથી ખસેડાવી લીધી.

શરીરમાં મુસાફરીનો થાક છે છતાં હજુ પણ સોફા પર બેસી વાતો કરી રહ્યાં છે. મહાપુરુષોના ચિત્રો સાથેના જીવંત વ્યવહારની વાત નીકળતાં પૂ. મા ધર્મેશ નામના નાનકડા કિશોરની એક અદ્ભુત વાત કરે છે. પૂ. મા જ્યારે કાર્યક્રમમાં કે બીજે ગમે ત્યાં હોય ત્યારે ગુરુદેવ પ્રભુ શ્રી યોગેશ્વરજીની છબી પુરા સન્માન સાથે બાજુમાં બીરાજતી હોય છે. આવા જાહેર કાર્યક્રમમાં પૂ. મા જ્યારે કંઇ વક્તવ્ય આપતાં હોય ત્યારે ધર્મેશ કહે છે તેમ એક અદ્ભુત દૃશ્ય જોવા મળે છે. ધર્મેશ કહે છે કે, "મા, તમે જે કંઇ બોલો છો તે બધું મહાત્માજી પણ બોલે છે. બોલવાથી જેવી રીતે તમારા હોઠનું હલનચલન થાય છે તેવી જ રીતે પૂ. મહાત્માજીના હોઠ પણ તેમની છબીમાંથી હાલતા, ચાલતા દેખાય છે."

ધર્મેશના શ્રદ્ધાળુ દિલની એ વાત હોય કે એ મહાપુરુષની એ બાળક પર કૃપાદૃષ્ટિ હોય પણ પૂ. માની વાતોનો સાર એ છે કે આપણી આસપાસ બિરાજતા દેવપુરુષો કે સંતપુરુષોની પ્રતિકૃતિઓ સાથેનો આપણો વ્યવહાર જીવંત હોવો જોઇએ.

કૌટુંબિક જીવનમાં પરસ્પરના સંબંધો કેવા લાગણીસભર અને સન્માનપૂર્વકના હોવા જોઇએ તેની શીખ કેવળ બોલીને નહિ પરંતુ પ્રયોગદ્વારા સમજાવતાં હોય છે. એકવાર હર્ષદભાઇ તલાટીનો પુત્ર તેમને પગે લાગ્યો એટલે હર્ષદભાઇને નવાઇ લાગી કે કોઇ દિવસ નહિં ને આજે કેમ પગે લાગે છે? તેમના પુત્રે કહ્યું કે પૂ. માએ કહ્યું છે કે ઘરમાં વડિલોને પગે લાગવું એ

સારા સંસ્કાર છે. હર્ષદભાઈએ વળી પૂ. માને કહ્યું કે તમે કેમ મારા પુત્રને પગે લાગવાનું કહ્યું? તો પૂ. મા કહે, "તમને સુધારવા" હર્ષદભાઈ સમજી ગયા ને તેઓ પણ વડિલોને પ્રણામ કરતા થઈ ગયા.

પૂ. મા તો સૌની મા છે, પુત્રને નમ્રતાના સંસ્કારો આપે તો પિતાને પણ અહંકારનું અતડાપણું મૂકાવે, પૂ. મા એમ માને છે કે કૌટુંબિક સંસ્કારોની વાતો એ આધ્યાત્મિક સંસ્કારોથી કંઈ જુદી નથી. કૌટુંબિક જીવન એ આધ્યાત્મિક જીવનની પ્રયોગ-શાળા છે. માનવીનું સાચું ઘડતર ત્યાંજ થાય છે. એટલે પૂ. મા બાળકો અને વડિલોને ઘણી વખત કાન પકડીને પણ પાઠ ભણાવતાં હોય છે.

પૂ. માનો સત્સંગ એટલે સહજ વાતો, અહીં જ જુઓને, હમણાં ખેડબ્રહ્માથી આવી સોફા પર બેઠાં તો સત્સંગની સહજ વાતોની બેઠક ત્યાંજ જામી ગઈ, એકાદ કલાક તો જાણે ક્ષણોમાં પસાર થઈ ગયો. હવે શ્રી વિમળાબેન આરતી લઈને આવ્યાં છે. પૂ. મા અને ગુરુદેવપ્રભુની સૌ સ્વાગત આરતી ભાવપૂર્વક ઉતારે છે. આરતી પૂરી થયા પછી સૌ પ્રણામ કરીને ઊભા છે. પૂ. મા રૂમમાં જઈ આરામ કરે તેવી ઈચ્છાથી તેઓ ક્યારે ઊઠે તે રાહ જોઈને સૌ ઊભા છે. પૂ. માએ જાણ્યું કે આ બધા તો હું અહીંથી જઉં તેની રાહ જોઈને ઊભા છે, એટલે એક બાળકની જેમ રીસાઈ ગયાં, પૂ. મા કહે "નથી જવું લો, એ, આ સુતાં" એમ કહીને પૂ. મા તો ત્યાં સોફા પર જ લાંબા થઈને સુઈ ગયાં! બધા ખડખડાટ હસી પડ્યા.

હજારો શ્રદ્ધાળુ જીવોની મા પણ કેવી બાળક બની જાય છે! આપણને યશોદા બનવાની તક આપીને લાડ-પ્યાર માટે



અધિકારી બનાવે છે. આખરે આપણે જ વિનવણી કરવી પડે કે મા, હવે અમે એમ સ્વપ્નેય નહીં વિચારીએ કે તમે જાઓ, બસ, હવે આરામ કરો.

કેવાં પ્યારાં પ્યારાં મા! મા, એક જ પ્રાર્થના કે આવા લીલાપ્રસંગોનો કદીયે અંત ન આવે!

બપોરના ત્રણ વાગ્યે વિશ્રામગૃહ પાછળ બંધાતી કુટિયાનું નિરીક્ષણ કરવા પૂ. મા કુટિયા પાસે પધાર્યાં છે. કુટિયાનું મુખ્ય દ્વાર નીચું રાખવાની વાત કરતાં પૂ. મા કહે "બારણું નીચું જ રાખવું જેથી સૌ અહંકાર ઉંબરા બહાર જ મૂકીને આવે."

પૂ. માની ઈચ્છા જુની કુટિયાની જગ્યાએ જ નવી કુટિયા બાંધવાની છે. તેથી જુની કુટિયાના વિસર્જનનું કાર્ય પૂ. માની હાજરીમાં જ શરૂ થયું. પૂ. માના સ્વભાવની એક ખાસિયત કે જે કામ પૂ. મા હાથમાં લે તે કામ પૂરું ન થાય ત્યાં સુધી જંપ ન વળે. બપોરના આરામના ભોગે કોન્ટ્રાક્ટરને બોલાવી બધી વાતચીત કરી લીધી છે. સવારે નવ વાગ્યે નવી કુટિયાનું બાંધકામ શરૂ થાય તે પહેલાં નવી કુટિયાનું સંપૂર્ણપણે વિસર્જન આજે જ કરવાનું છે.

૫-૩૦ વાગ્યે શ્રી સ્નેહલતાબેન અને મહેતાસાહેબને વિદાય આપવા છેક મોટર સુધી પૂ. મા આવ્યાં છે. આજે બપોરે પણ પૂ. માએ બિલકુલ આરામ કર્યો નથી તેથી સ્નેહલતાબેનની એવી ઈચ્છા કે પૂ. મા હવે થોડો આરામ કરે તો વધારે સારું, તેથી વિનંતિ કરતાં કહે, "મા, હવે આપ ઉપર જઈ આરામ કરો." એટલે પૂ. મા હસતાં હસતાં કહે, "હું ઉપર જઉં પછી આરામની ચિંતા જ નહીં રહે!"

પૂ. માના એ વાક્યમાં ભલે હળવાશ હતી છતાં સૌને સહજ ક્ષોભ થઇ આવ્યો. શ્રીસ્નેહલતાબેન અને મહેતાસાહેબ મોટરમાં બેસી ગયાં, પૂ. મા ઉપરના રૂમમાં જવા સીડી પાસે પહોંચી અટકી ગયાં, પૂ. મા છોકરાઓના ભાવને સમજે એટલે સ્નેહલતાબેનને ફરીથી મોટરમાંથી ઉતારી પૂ. માએ સીડી ચડતાં ચડતાં જ કહ્યું, "જુઓ હવે હું આરામ માટે ઉપર જઉં છું, એમ તો હું ડાહી છું." શ્રીસ્નેહલતાબેનને ખૂબ આનંદ અને સંતોષ થયો. પૂ. માના પ્રેમભાવને ઝીલતાં દૂરથી હાથ હલાવતા કહે "થેંક્યુ મા."

થોડીવાર આરામ કર્યો ના કર્યો ત્યાં તો પૂ. મા પાછાં કુટિયાના વિસર્જનનું કામ ચાલે છે ત્યાં પધાર્યાં. હવે તો ત્યાંજ ખુરશી નાખીને બેઠાં છે. શ્રી સુખલાલભાઇ, કલ્યાણ, મંજુબેન, મહાલતાબેન, પ્રીતિ, જયાબેન અને જ્યોત્સ્નાબેન વિ. કુટિયાના કામમાં લાગ્યાં છે. ખુરશીપર બેઠાં બેઠાં પણ સૌને હસાવી રહ્યાં છે. પૂ. મા કહે, "જૂની કુટિયા છે અને વળી તેમાં ચોમાસુ માથે ગયું છે તેથી સાપનું ધ્યાન રાખજો, અમને તો સાપની બહુ બીક લાગે, એક વખત કપુરાના ઘરમાં અમે નાના હતાં ત્યારે સાપ નીકળ્યો હતો, એ વખતે અમે તો ઉપરના માળે પણ અમે પલંગ પર ચડી ગયાં" અને પછી ખુરશીપર પગ ઉપર લેતાં કહે "અને આ રીતે પગ પણ પલંગપર લઇ લીધા" પૂ. માનો અભિનય જોઇ સૌ હસી પડ્યા. ત્યાં તો નાનકડી સાપની માસી નીકળી તે જોતાં જયાબેનને કહે "જુઓ, જયાબેન, બહેનપણી આવી છે, અમદાવાદ સાથે લઇ જજો" પૂ. માની આ સહજ ગમ્મતની રમતમાં છોકરાઓ પરિશ્રમના થાકને ક્યાંય વિસરી જાય છે.



હવે સાંજના સાત થવા આવ્યા છે, કામ હજુ થોડું બાકી છે, અંધારું થવા લાગ્યું છે. પૂ. માએ પણ આજે અમદાવાદથી આવ્યાં ત્યારથી આરામ કર્યો નથી તેથી મંજુબેનને એમ થયું કે હવે કામ બંધ કરીએ તો પૂ. મા આરામ કરે. તેથી મંજુબેને પૂ. માને કહ્યું કે હવે થોડું કામ રહ્યું છે તે સવારે કરી લઇશું. પૂ. મા સમજી ગયાં, હસતાં હસતાં કહે "મને ઉપર મોકલવા માગે છે? નથી જવું લો!" આઠ વાગ્યે કામ પૂરું થયું ત્યારે જ પૂ. મા ઉઠ્યાં, આજે સતત ત્રણ કલાક પૂ. મા ત્યાં ખુરશીપર બેઠાં છે. હજુ પણ ત્યાંથી ઉઠવાનું નામ લેતાં નથી. વચ્ચે મજબુત સિમેન્ટનું આસન હતું તે ખસેડવાનું પૂ. માએ કહ્યું. સુખલાલભાઇ કલ્યાણ પ્રયત્ન કરે છે પરંતુ પાકું બાંધેલું આસન મચક આપતું નથી. પૂ. માનો સંકલ્પ હતો કે કામ પૂરું થયાં પછી જ અહીંથી ખસવું. એટલે પૂ. માની સંકલ્પ શક્તિએ છોકરાઓનાં હાથમાં બળ પૂર્યું અને 'ત્રિકમ કી જય'નો જયકાર કર્યો. એ સાથે જ એ મજબુત આસન પણ ઉખડીને બહાર આવી ગયું. પૂ. માની સંકલ્પ શક્તિએ જાણે અશક્ય કાર્યને શક્ય બનાવ્યું.

પૂ. મા તો નહોતા થાક્યાં પણ હવે અમે થાક્યા હતા એટલે એમ થયું કે પૂ. મા હવે રજા આપે તો સારું. ત્યાં પૂ. માની નજર ત્યાં પડેલા ધ્વજદંડ પર પડી. ધ્વજદંડ રોપી ધજા ચડાવવાનું અત્યારે જ પૂ. માને યોગ્ય લાગ્યું, તેથી ખાડો ખોદાવી, અબીલ, ગુલાલ, કંકુ મંગાવ્યાં. પૂ. માએ સ્વહસ્તે જ ખાડામાં પુજાપો પથરાવી, પચીસ પૈસાનો સીક્કો પણ મૂક્યો, ધ્વજદંડ પર સ્વહસ્તે જ સ્વસ્તિકનું શુભચિહ્ન કરી આખાયે ધ્વજદંડ પર ચાંદલા પણ સ્વહસ્તેજ કર્યાં, પછી યોગેશ્વર પ્રભુના જય જયકાર વચ્ચે સ્વહસ્તે ધ્વજદંડ રોપી ઉપર ધજા ચડાવતાં કહે

"આ ભૂમિ પર ખૂબ જપતપ થયાં છે. પૂ. શ્રી સ્વયં મને સાથે લઇને આ ભૂમિ પર વિચર્યા છે." પૂ. શ્રીના પાવન સ્મરણ સાથે અત્યારનું કામ પૂરું થયું. અમે સૌ પૂ. મા અને પ્રભુના જય જયકાર સાથે વિશ્રામગૃહ તરફ વળ્યા ત્યારે રાત્રિના નવ થવા આવ્યા છે. સતત છ કલાક સુધી આ તપસ્વી દેહ તપતો રહ્યો છે.

ઉપવાસોની આકરી તપશ્ચર્યા સાથે આ શારીરિક પરિશ્રમની તપશ્ચર્યાથી હજુ આપણે અજાણ છીએ. છે એવો કોઇ કાળનો ખંડ કે જ્યારે તપશ્ચર્યા ન થતી હોય! છે એવી કોઇ ક્ષણ કે પળ કે જે તપના તેજથી તપતી ન હોય? સતત તપતી તપની ધુણીમાંથી જાણે તપનો જ નવો અવતાર થઇ રહ્યો છે! તપની આટલી તીવ્રતા અને વિશુદ્ધિ કદાચ યુગોમાં વિરલ હશે! પ્રેમ અને પ્રસન્નતાપૂર્વકના અવિરત તપનો જોટો જડવો મુશ્કેલ છે. આંખ અને અંતર ખુલ્લા રાખીએ તો એ દિવ્યજીવનની પ્રત્યેક ક્ષણ ભવ્ય લાગશે. જુઓને અહીંજ, આ કુટિયાના નવસર્જનના નાનકડા કાર્યમાં પણ એજ ધગશ, એજ તમન્ના એજ સંકલ્પશક્તિના અનેરા જુસ્સાનાં દર્શન થાય છે. એ તો એ દિવ્ય સાન્નિધ્ય સેવીએ ત્યારે જ સાધનાના મર્મના સાચા સ્વરૂપને પામી શકાય.

આજકાલ પૂ. મા નવી કુટિયાના સર્જનની ચિંતામાં છે. આજે તા. ૨૭/૯/૮૯ ના રોજ મૌન છોડીને પણ નવ વાગ્યે કુટિયા પાસે પહોંચી ગયાં છે. હજુ મજુર એક જ આવ્યો છે એટલે સુખલાલભાઇ, કલ્યાણ, પ્રીતિ કામમાં મદદ કરી રહ્યાં છે. પ્રીતિની સગાઇ તાજેતરમાં જ થઇ છે એટલે એ નવાજીવનના સુખનો મંત્ર આપતાં કહે "લગ્નજીવનનો શરૂઆતનો ભાવ જીવનભર ટકવો જોઇએ." પછી હસાવતાં કહે "એ છોકરાને



મારી પાસે અંબાજી લાવજે, તારી જેમ તેની પાસે કામ નહીં કરાવું. તમને બંનેને આબુ ફરવા મોકલીશ."

પૂ. મા અને છોકરાઓની આવી વ્હાલભરી ગમ્મત ચાલતી હતી ત્યાં શ્રીવિમળાબેન પૂ. માને ટપાલમાં આવેલો પત્ર આપે છે. એ પત્ર પરના હસ્તાક્ષરો જોઇને જ પૂ. મા એ પત્રને મસ્તકે અડકાડે છે. અમને એમ થયું કે આ તે વળી કોનો પત્ર હશે કે જેને પૂ. મા આટલા ભાવપૂર્વક મસ્તકે અડકાડે છે? પૂ. મા પત્ર વાંચે છે, વાંચીને કહે કે નારાયણભાઇનો પત્ર ભાવનગરથી છે.

છોકરાઓને મન પૂ. મા પરમ વિભૂતિ, પ્રભુનું પ્રેમસ્વરૂપ, એટલે પૂજ્યભાવે એ શ્રીચરણોમાં પ્રણામ કરે. વિનમ્રભાવે કંઇક સેવા પણ કરે, પરંતુ અહીં તો પૂ. મા પણ પોતાનાં છોકરાઓને હૃદયમાં રાખે, મસ્તકે ચડાવે. છોકરાઓ માટે પૂ. મા પોતાની પરમ વિભૂતિ પણ વિસરી જઇને કેવલ એક વ્હાલસોઇ મા બની જાય છે. આધ્યાત્મિક જીવનની સિદ્ધિઓના શિખરે બિરાજતાં હોવા છતાં પણ પોતાના નાનકડા છોકરાઓના ભાવને મસ્તકે ધારણ કરવો એ કંઇ નાનીસૂની વાત નથી, અલબત્ત એ તો પરમ સિદ્ધિઓની પણ સિદ્ધિ છે. બાળક જેવી માજ કેવળ પોતાના બાળક માટે "બ્રહ્મ લટકાં કરે બાળક પાસે"ની સિદ્ધિને પચાવી શકે.

શ્રી નારાયણભાઇ પણ "નારાયણ"ના નાનકડા સ્વરૂપ જેવા લાગે એટલે પૂ. માને બાળક જેવા વ્હાલા લાગે. પૂ. માને પણ આ "નારાયણ" વિના ના ચાલે, મહિનામાં એકાદ વખત પણ જો 'નારાયણ'નાં દર્શન ન થાય તો પૂ. માને ગમે નહીં. અહીં પણ એજ હાલત છે. અહીંથી પૂ. માએ નારાયણભાઇને ફોન

કરી બોલાવ્યા છે. પરંતુ સરસ્વતીબેનની તબિયત બરાબર ન હોવાથી આવી શકાશે નહીં. તેમ પત્રમાં લખ્યું છે, પરંતુ પૂ. માને આ ગમ્યું નથી. બાલુભાઇને બોલાવી ફરીથી ફોન કર્યો તો પણ ના જ આવી. પૂ. માને જાણે ચેન નથી. રાત્રે ત્રીજી વખત ફોન કરાવ્યો ત્યારે જવાબ આવ્યો કે "આવીએ છીએ" અંતે જ્યારે પરમ નારાયણ અને નારાયણ મળ્યા ત્યારે જે પ્રેમ, પ્રસન્નતા અને સંતોષની ભાવગંગા પ્રકટી તેમાં તો કેવળ સ્નાન જ કરી શકાય, વર્ણન નહીં!

અહીં કુટિયા પાસે, વૃક્ષ નીચે ખુરશી પર બેઠાં બેઠાં પૂ. મા હમણાં તાજેતરની ભાવનગરની મુલાકાતના સંસ્મરણો યાદ કરે છે. પૂ. મા કહે "અમે ભાવનગર ગયાં ત્યારે શ્રી સરસ્વતીબેનની તબિયત ખૂબ નાજુક, હેડકી સતત આવ્યા જ કરે. પરંતુ અમે એ ઘરમાં પગ મૂક્યો કે હેડકી બંધ, તે અમે ત્યાં રહ્યા ત્યાં સુધી કોઇ તકલીફ ન રહી," આ જોઇ શ્રી નારાયણભાઇનો પુત્ર અજય કહે "મા, આતો તમારા દર્શનથી જ મટી ગઇ છે, તમે જશો એટલે પાછી શરૂ."

"હા, ભાઇ અજયની વાત તદ્દન સાચી! પૂ. મા પધારે એટલે કેટલાય જીવોના તનમનના વ્યાધિ કેવળ ઉપસ્થિતિ માત્રથી શાંત થઇ જાય, અને જે જીવોને દિવ્ય સાન્નિધ્યની રટ લાગી જાય છે તેના તો ભવોભવના વ્યાધિ શમી જાય છે. આવા ઉદાહરણો અને હકીકતો આપવા બેસીએ તો પાનાના પાના ભરાય. આપણે તો આમાંથી કેવળ સારને તારવી લઇને અત્યારથી જ હૃદયને નારાયણનું નિવાસસ્થાન બનાવી દઇએ! પ્રભુને પ્રાર્થીએ."



જીવનપટ પર પગ ધરતું!<br>
અંતરપટ અમ તવ ચરણોથી,<br>
પ્રિયતમ હે! અંકિત કર તું!

કોઇપણ કામ પછી તે નાનું હોય કે મોટું પણ વ્યવસ્થિત અને શ્રેષ્ઠ રીતે જ કરવાની પૂ. માની સરસ ટેવ. કુટિયાના ફરતા પાયા ખોદવા માટે સેન્ટરમાંથી બાર ફૂટનું માપ લઇ એક ગોળાકાર લાઇન દોરવાની હતી, અમે સેન્ટરમાં એક લાકડાનો ટુકડો ખોસી ત્યાં દોરી બાંધી, અને દોરીને બીજે છેડે એક અણિદાર પથ્થર બાંધી ગોળાકાર લીટી દોરી આપી. પણ પૂ. માનું મન માન્યું નહીં. પૂ. માએ મંજુબેનને બે મોટા ખીલા શોધી લાવવા મોકલ્યાં. મંજુબેન વિશ્રામગૃહમાં બધે જ શોધી વળ્યા પણ ક્યાંય મળ્યા નહીં એટલે પાછા આવ્યાં, પૂ. મા ફરીથી મોકલતાં કહે "બાલુભાઇને કે પગીને પૂછીને ગમે ત્યાંથી શોધી લાવો" ખૂબ પ્રયત્નને અંતે પગીની મદદથી છેક અગાસી ઉપરની ટાંકી પાસેથી શોધી લાવ્યાં. ખીલાને જોતાં જ પૂ. મા પ્રસન્ન થતા બોલ્યાં "બસ આની જ જરૂર હતી" છેવટે સેન્ટરમાં અને દોરીને છેડે બંને લોખંડના મોટા ખીલા બાંધ્યા ત્યારે પૂ. માને સંતોષ થયો. પથ્થરથી કે લાકડાના ટુકડાથી જે માપ આવ્યું તેજ માપ આ ખીલાથી પણ આવ્યું. ફેર એટલો જ પડ્યો કે લાકડા કે પથ્થર બદલે લોખંડના ખીલા આવ્યા. હા, તેનાથી થોડી ચોક્સાઇ, અને મજબૂતાઇ રહી!

શ્રેષ્ઠ મન હંમેશાં શ્રેષ્ઠતા જ શોધે છે. આ થોડી ચોક્સાઇ અને મજબૂતાઇ માટે જ આ માથાકૂટ હતી. આટલું પણ નબળુ શા માટે ચલાવવું? પૂરેપૂરી ચોક્સાઇ ને મજબૂતાઇ કેમ નહીં? ભલે તેને માટે સમય લાગે, પ્રયત્ન કરવા પડે, પણ ગમે તેમ

ચલાવી લેવું તે પૂ. માને પરવડે નહીં.

પૂ. માને શીખવવાનો પાઠ એ હતો કે મનને છટકવા માટે બેદરકારીનું નાનું છીદ્ર પણ શા માટે આપવું? પ્રયત્નથી નહિ પૂરા પ્રયત્નપૂર્વક કાર્ય કરવું. પ્રયત્નના વાંકે જેમ તેમ ચલાવી લેવું નહીં, પૂરા પ્રયત્નના વાંકે આપણે ધ્યાન અને સ્નાન જેવાં અગત્યનાં કાર્યોને પણ જેમ તેમ જ કરીએ છીએને! આ નાનકડા પ્રસંગમાંથી મોટેરી શીખ આત્મસાત કરવા જેવી નથી લાગતી? એ મહાનજીવનની નાની નાની વાતો પણ કેવી મહાન છે!

ચાલો, આજની શીખને ગાંઠે વાળી લઈએ, આળશ છોડી, આતમરામને હરઘડી જાગેલો જ રાખીએ. જીવનસફરનો ફેરો સફળ કરી લઈએ.

હવે તો થાય છે મોડું, વીનવું હું પાયે પડું,
મારે તો થાવા બેઠો છે. ફેરો આ નકામ!
જાગોજી જાગોજી, મારા આતમરામ.


શ્રી યોગેશ્વર કૃપા

સંદીપ વેલ્ડીંગ વર્કસ

ગ્રીલ, દરવાજા, તેમજ મેઇન ગેટના સ્પેશ્યાલીસ્ટ
તેમજ
દરેક જાતનું રીપેરીંગ કામ કરનાર.
મોદી બંગલા, ઉમરા જકાત નાકા પાસે, સુરત-૩૯૫ ૦૦૭.




# શ્રી યોગેશ્વરજી અને વસ્ત્રપરિધાન

નારાયણભાઈ હ. જાની

વિદ્યાભ્યાસકાળ દરમ્યાન શ્રીયોગેશ્વરજીને પોતાની સંસ્થામાંથી જે કપડાં મળતાં તે પહેરવાં પડતાં. આ કપડાં સંસ્થામાં રહેતા સર્વે બાળકો માટે એક સરખાં રહેતાં. શાળામાં આવતા નાના વિદ્યાર્થીઓ ખાખી ચડ્ડી ને સફેદ હાફશર્ટ પહેરીને આવતા, તો થોડા મોટા વિદ્યાર્થીઓને બ્લ્યુ પેન્ટ, સફેદ હાફશર્ટ અને હાફકોટ ને માથે રંગીન કે સફેદ ખાદીની ટોપી મળતી. આવો પોષાક મેટ્રીક સુધી રહ્યો. શાળામાંથી ગયા પછી વિદ્યાર્થીઓ સફેદ હાફશર્ટ ને કફની ને લેંગો પહેરી શકતા. શ્રીયોગેશ્વરજીને લેંઘો બહુ પસંદ ન હતો. એટલે તેઓ તો મોટા ભાગે હાફ પેન્ટ ને સફેદ હાફ શર્ટ પહેરવાનું પસંદ કરતા.

કોલેજના પહેલા વર્ષ દરમ્યાન જી. ટી. બોર્ડીંગમાં વિદ્યાર્થીઓ પોતાની પસંદગીનાં વસ્ત્રો પહેરી શકતા. આમ છતાં તેઓએ કદી ભભકાદાર કે ઈસ્ત્રી કરેલાં કપડાં પહેરેલાં નહિ. સસ્થાના નિયમ પ્રમાણે પહેલેથી જ તેમને કપડાં ધોવાની સરસ તાલીમ મળી ગયેલી. એટલે તેઓ ખૂબ કુશળતાપૂર્વક ને ખોટો જરૂર વગર સાબુનો વ્યય કર્યા સિવાય કપડાં ધોવામાં પ્રવીણ થઈ ગયેલા. તેમના જીવનની હર ક્રિયામાં योगः कर्मषु कौशलम् પ્રતિબિંબિત થતું દેખાતું. ધોયેલાં કપડાંને બરાબર ઝાટકી કચરળી વગરનાં કરી તેઓ સૂકવતા અને જ્યારે કપડુ સૂકાઈ જાય ત્યારે એને સરસ રીતે ઘડીવાળી રાત્રે સૂવાના પોતાના ઓશીકા નીચે મૂકી દેતા. જેથી તે

ઘડી બરાબર બેસી જતી. જીવનના અંત સુધી શ્રીયોગેશ્વરજીને અસ્તવ્યસ્ત કે ચોળાઇ ગયેલું કપડું પહેરેલા મેં કદી જોયા નથી.

એકવાર હું શ્રીયોગેશ્વરજી સાથે મારે ગામ મે, ૧૯૪૩ માં નદી ઉપર સ્નાન કરવા ગયેલો. તો સ્નાન કર્યા પછી તેઓએ મને કપડામાં સાબુ ઘસતો જોઈ મારી પાસે આવી કહ્યું, "જુઓ નારણભાઇ, કપડામાં સાબુ કેમ નંખાય તે બતાવું. આખા કપડામાં બધે બહુ સાબુ ઘસવાની જરૂર નહિ. તેના કોલરને લાંબી બાંયોના છેડાઓને, ગજવા ઉપરના ભાગમાં થોડો સાબુ લગાડી કપડાને ઘસવું. એટલે ફીણ થઈ જાય. ધોતિયામાં પણ ઢીંચણના કે કમ્મરના ભાગવાળા ભાગમાં ને નીચેની કિનાર ઉપર દાગ હોય તો સાબુ ઘસી ફીણ કરી કાઢી નાંખવો. ને બે હાથ વડે કપડાને ધોકાવવું." આમ કહી એમણે પત્થર ઉપર સાબુવાળા વસ્ત્રને સરસ રીતે બે હાથેથી ધોકાવ્યું. એમની ક્રિયામાં પણ તાલબદ્ધતા જણાય. જાણે કે સમગ્ર જીવનમાં જે ચિંતનશીલ સંવાદિતા તેનું પ્રતિબિંબ કપડાં ધોવા જેવી ક્રિયામાં પણ પડ્યા સિવાય રહે નહિ.

જી. ટી. બોર્ડીંગ છોડી દીધા પછી શ્રીયોગેશ્વરજી છૂટી પાટલીનું ધોતિયું ને હાફશર્ટ-ટૂંકી બાંયવાળું-ખાદીનું જ પહેરતા. જીવનમાં ૧૯૪૦ થી એમણે ખાદી અપનાવેલી તે જીવનના અંત સુધી એટલે ૧૯૮૪ સુધી, ધારણ કરી રાખી.

૧૯૪૩-૪૪ પછી ૧૪ વર્ષ તેઓએ ધોતિયાને બદલે કમ્મરે ખાદીનો દોઢવારનો કકડો વીંટવાનું, નીચે લંગોટ ને બહાર જાય ત્યારે ખાદીનો બે વારનો સફેદ ટુકડો ઓઢવાનું રાખેલું. તેઓ જે લંગોટ પહેરતા, તે ખાસ પ્રકારની બજારમાં મળતી નહિ, પરંતુ એમણે પોતે પસંદ કરેલા પ્રકારની સીવડાવતા.



કમ્મરે બાંધવાની બે આંગળ પહોળી કપડાની પટ્ટીને એક છેડે-એક દોઢવેંત છોડીને એક દોઢ હાથ લાંબો ને ચારપાંચ આંગળ પહોળા પટ્ટાને જોડી દેવામાં આવતો. આ પટ્ટાની કિનારી બહુ ઝીણી વળાવતા. લંગોટ પહેરવાનો હેતુ સરે ને કપડાનો ખોટો વ્યય ન થાય એવી એમની દૃષ્ટિ હતી. કસરત કરતી વખતે દરેક વ્યક્તિએ લંગોટ ધારણ કરવો જરૂરી છે એમ તેઓ કહેતા.

૧૯૪૩ માં દશરથાચલ પહાડ ઉપરની સાધના વખતે તેઓએ એક કૌપીન સિવાય બધાં જ કપડાંઓનો પરિત્યાગ કરેલો. ત્યાં શિયાળાની કકડતી ઠંડીમાં તેઓ માત્ર એક લંગોટીભેર રહેલા. પરંતુ જ્યારે જ્યારે જન સમાજમાં જવાનું થાય ત્યારે મર્યાદા સચવાય એ રીતે સાધુ કે ત્યાગીએ રહેવું જોઈએ એમ તેઓ માનતા. એથી એમણે ઢીંચણ સુધીનો દોઢવારનો કકડો ને ઉપરની ચાદર ઓઢવાનું છેક ૧૯૫૮ સુધી ચાલુ રાખેલું.

શ્રીયોગેશ્વરજીની હર ક્રિયા પાછળ બહુ ચોક્કસ વિચારશીલતા દેખાતી. તેઓ કોઇ પરંપરા કે રૂઢિની જાળવણી ખાતર કોઈ એક પોષાકને વળગી રહેવામાં નહોતા માનતા. જ્યારે જે જરૂરી લાગતું તે સ્વીકારતા ને પરિસ્થિતિ બદલાય તો નવી વસ્તુ સ્વીકારતાં અચકાતા પણ નહિ. જો કે એક વાત ઉપર તેઓ ચોક્કસ ભાર મૂકતા કે ત્યાગીએ એવો પોષાક કદી ન પહેરવો કે જેમાં રાજસીકતા દેખાતી હોય. એથી અમેરિકા, ઈંગ્લેન્ડ, કેનેડા, સાઉથ આફ્રિકાના તેઓના વિદેશના પ્રવાસો દરમ્યાન કદી પેન્ટ પહેર્યું નથી. ધોતિયા ઉપર બંડી પહેરી તેઓ શાલ ઓઢતા. બહુ ઠંડી હોય તો તેઓ કદીક જ સફેદ સ્વેટર પહેરતા.

સામાન્ય ઠંડી હિમાલયમાં લાંબા વસવાટને લીધે તેમને સહેવાય તેવી લાગતી. એમાં ગરમ કપડાંની જરૂરત ન રહેતી.

૧૯૫૮ ના મસુરી નિવાસ પછી શ્રીયોગેશ્વરજી ખાદીનું ધોતિયું ને બંડી પહેરતા. ઉપર સફેદ કે પીળી શાલ ઓઢતા. આજ એમનો સ્વીકૃત પોષાક બની ગયેલો.

તેઓની કરકસરભરી જીવનદૃષ્ટિનું દર્શન એ વાતથી થતું કે જ્યારે ધોતિયું ફાટે ત્યારે સાધારણ હોય તો જાતે સાંધી લે. વધુ ઘસાઇ ગયું હોય તો તેના ટુકડા કરી શરીર લૂછવાના રૂમાલ કરી નાંખે; અને આ રૂમાલ પણ જ્યારે ઘસાઈ જાય ત્યારે તેના ટુકડા કરી માથા નીચેના ઓશિકા ઉપર સૂતી વખતે પાથરે. જેથી ઓશિકાને તેલ ન લાગે. કેવી અદ્‌ભુત કહેવાય એવી કરકસરભરી છતાં સુઘડતાવાળી દૃષ્ટિ! વસ્તુનો શક્ય તેટલો ઉપયોગ કર્યા સિવાય એને કદી ફેંકી ન દેવી એવું એ માનતા. એટલે ખાદીના નાના નાના ધોતિયા કે રૂમાલના ટુકડાઓને સાચવીને પોતે પહેરતા. ચંપલોને લૂછવા કે રસોડામાં કદીક સફાઇ માટે જરૂર પડ્યે ઉપયોગમાં લેતા.

તેઓના ૧૯૪૨ પછીના સાધનાત્મક જીવનમાં તેઓ ખૂબ જ ઓછી વસ્તુઓથી ચલાવી લેતા. તે સમયે તેઓનો સામાન એક થેલીમાં માય એટલો જ રહેતો. એક નાની શેત્રંજી, એક જોડી પહેરેલાં ને બીજી જોડી ધોયા પછી બદલવાનાં કપડાં, થોડા લખવાના કાગળો, શાહીનો ખડિયો, ટોર્ચ ને ઘડિયાળ. તેમ જ પાણી લેવા માટેનો પિત્તળનો કડીવાળો ડબો. આ કપડાંની જોડ એટલે ઉપર જણાવ્યા પ્રમાણે ઓઢવારનો કકડો. આ કપડાં ખાદીનાં જ રાખતા. વિદ્યાર્થી અવસ્થાથી અપનાવેલ ખાદી એમણે જીવનના અંત સમય સુધી એકધારી ચાલુ રાખી.



ખાદીને તેઓ પવિત્ર માનતા અને તેના ઉપયોગ દ્વારા ભારતના લાખ્ખો ગરીબ પરિવારો જે એ વસ્ત્રો તૈયાર કરતા, તેમની સાથે આત્મીયતા અનુભવતા. એમનામાં ગરીબો પ્રત્યેની હમદર્દી ખૂબ હતી, કારણ પોતે પોતાના જીવનમાં ગરીબાઇ શું છે તે પ્રત્યક્ષ અનુભવ્યું હતું.

## સદ્‌ભાવભરી ભેટ ચાલુ

૨૫ શ્રી પદ્માબેન પી. ત્રિવેદી, ભાવનગર.
૧૦૧ શ્રી હરિવદન મણિલાલ તલાટી, ડાકોર.
૧૦૧ શ્રી સ્વ. શ્રીમતી શારદાબેન મોહનભાઈ શાહ, અમદાવાદ-ની ૨૫ મી પુણ્યતિથિ નિમિત્તે. હા. જ્યોત્સ્નાબેન.
૧૦૦ શ્રી વિજય કલોલા, રાજકોટ.
૧૧ શ્રી વીણાબેન ઠાકોરભાઈ દેસાઈ, સુરત.
૨૫ શ્રી છોટુભાઈ પી. પારેખ, સુરત-કાર્ય સફળ થવાથી.
૧૧ શ્રી દીપ ધીરજલાલ ભોજાણી, મોરબી.

# શ્રીમદ્ ભાગવત વિષે આટલું જાણો

પ્રા. જનાર્દનભાઈ દવે

* શ્રીમદ્ ભાગવતમાં કુલ ૧૮૦૦૦ મંત્રો છે પણ તે આ રીતે ગણાય છે:-

| | |
|---|---|
| ૧૬૧૯૫ | શ્લોકો. |
| ૨૦૦ | અર્ધશ્લોકો જેને પૂરા શ્લોક માન્યા છે. |
| ૧૨૭૦ | જુદા જુદા વક્તાઓનાં વક્તવ્યો સુચવતા "ઉવાચ". |
| ૩૩૫ | અધ્યાયોની સમાપ્તિ દર્શાવતાં વાક્યો. |
| ૧૮૦૦૦ | કુલ. |

ભાગવતજીના મંત્રોથી યજ્ઞ કરવાનો હોય તો આ બધાને "સ્વાહાકાર"વડે આહૂતિ અપાય.

* શ્રીમદ્ ભાગવતના બારે સ્કંધ ભગવાનનાં દ્વાદશ અંગરૂપ છે. ભાગવતજીને પુરાણાર્ક-અર્થાત્ પુરાણસૂર્ય કહેલ છે. સૂર્યના પણ દરેક માસે બદલાતા બાર રૂપો છે. શ્રીમદ્ ભાગવતનો મૂળમંત્ર "ૐ નમો ભગવતે વાસુદેવાય" પણ બાર અક્ષરનો જ છે. પૂતના વધ પછી ગોપીઓએ શ્રીકૃષ્ણની રક્ષા માટે જે કવચનો પાઠ કર્યો તેમાં પણ શ્રી કૃષ્ણનાં બાર અંગોને સ્પર્શી બાર નામોવડે રક્ષા કરી.

* શ્રીમદ્ ભાગવતના સાત રીતે અર્થો થાય છે-આ સાતે અર્થોમાં ક્યાંય પરસ્પર વિરોધ ન આવે તેમ વક્તાએ કથા કરવી જોઈએ.

(૧) શાસ્ત્રાર્થ:-આખા ભાગવતજીનો સમગ્રતયા જે નિષ્કર્ષ છે તે.



(૨) દરેક સ્કંધનો જે અર્થ હોય તે સ્કંધાર્થ જેમ કે પ્રથમસ્કંધનો અધિકાર અર્થ, એકાદશનો મુક્તિ, દ્વાદશસ્કંધનો આશ્રય વગેરે.

(૩) દરેક સ્કંધમાં પાછાં પ્રકરણો માનવામાં આવ્યાં છે. પ્રથમ સ્કંધમાં હીનાધિકાર, મધ્યમાધિકાર અને ઉત્તમાધિકાર વક્તાશ્રોતા એમ ત્રણ પ્રકરણો છે. ચતુર્થ સ્કંધમાં ધર્મ પ્રકરણ, અર્થ પ્રકરણ, કામ પ્રકરણ અને મોક્ષ પ્રકરણ એમ ચાર પ્રકરણો છે. આ થયો પ્રકરણાર્થ.

(૪) પ્રકરણો અધ્યાયોના બનેલા છે. કોઈ પ્રકરણ એક જ અધ્યાયનું છે તો શ્રીવલ્લભાચાર્યજીના મતે દશમસ્કંધમાં જન્મપ્રકરણ ૧-૪ અધ્યાયો, તામસ પ્રકરણ કુલ ૨૮ અધ્યાયો, રાજસ પ્રકરણ કુલ ૨૮ અધ્યાયો, સાત્ત્વિક પ્રકરણ કુલ ૨૧ અધ્યાયો છેલ્લા ઐશ્વર્યના ૬ અધ્યાયો વચ્ચે બ્રહ્મા મોહ નિવારણના ત્રણ અધ્યાયોને શ્રીવલ્લભક્ષેપક અથવા અન્ય કલ્પની લીલા માને છે- આ દરેક ૩૩૫ કુલ અધ્યાયો છે તેને પોતપોતાના અર્થ છે જે અધ્યાયાર્થ કહેવાય છે.

(૫) અધ્યાયોમાં શ્લોકો હોય તેના અર્થ શ્લોકાર્થ કહેવાય.

(૬) શ્લોકોમાં શબ્દો હોય તેના અર્થ શબ્દાર્થ કહેવાય.

(૭) ઘણીવાર અક્ષરોના પણ અર્થ થાય છે.

* પ્રથમ સ્કંધમાં "સુખાવસાને" શ્રીઉત્તરાની સ્તુતિ છે "દુ:ખાવસાને" શ્રીકુન્તીની સ્તુતિ છે અને "દેહાવસાને" શ્રીભીષ્મસ્તુતિ છે.

* શ્રીદ્વારકાધીશના રથને ચાર અશ્વો જોડવામાં આવતા હતા તેનાં નામ શૈલ્ય, સુગ્રીવ, મેઘપુષ્પ અને બલાહક છે.

## * ચણોઠી *

વીયેના ગયેલા એક મિત્ર કોઈની રાહ જોતા રસ્તે ઊભા હતા. ત્યાં ખિસ્સામાંનો એક પત્ર વાંચતા નકામો લાગ્યો અને તે ફાડી ટુકડા કરી ત્યાંજ ફેંકી દીધા. લાગલા જ ત્યાંના ફરજ પરના પોલીસે તેમની પાસે આવી વિનયપૂર્વક પૂછ્યું, "પેલા કાગળના ટુકડા આપને કામના ન હોય, અને આપની રજા હોય તો હું ઉપાડી લઉં?" આ સાંભળીને પેલા મિત્રની શરમનો પાર ન રહ્યો! તરત પોતાની ભૂલ માટે માફી માગી એ ટુકડા ઉપાડી લીધા, ને નજીકની કચરો નાખવાની પેટીમાં નાખી આવ્યા.

—ધૂની માંડલિયા

## * પ્રાર્થના *

હે પ્રિય,
જ્યારથી તમારો અમારા જીવનમાં પ્રવેશ થયો છે,
ત્યારથી અમારાં દિનરાત સુગંધથી ભર્યાં ભર્યાં બન્યાં છે.
સંસારનું કોઈ કામ નડ્યું નથી,
બધું જ અનુકૂળ થઈ ગયું છે.
તમારા સ્નેહની બંસી અમે રોજ સાંભળીએ છીએ;
કોઈ ભ્રમ કે શંકાને ક્યાંયે અવકાશ નથી.
'તમે અમારે માથે ને સાથે જ છો'
એ આશ્વાસન અમારું ચાલકબળ છે.

—આશા ભક્ત



## * મૂક અંજપો પીડે *

અન્તરના અન્તરમાં આજે મૂક અજંપો પીડે!
મુક્ત ગગનનું આહત પંખી પૂરાયું શું નીડે?
મૂક અજંપો પીડે.

ધ્રુવતારક, સુકાન, હલેસાં વણ મંઝિલ શી યાત્રા!
ગન્તવ્યે ના ગમ, પ્રાપ્તવ્યે પુરુષાર્થ રજ માત્રા,
વિસંવાદીશા બસૂરા સૂરો! સૂરાવલિને ભીડે.
મૂક અજંપો પીડે.

નયન ઠરે ના ગગનગલીએ, પાય ન ઠરતા ધરતી;
ધરા ગગનને પાંખ ન આંબે, ઓટ ધસે જ્યાં ભરતી,
આંખપાંખ સંવાદ વિહોણાં, ખગ અટવાતું ચીડે.
મૂક અજંપો પીડે.

માનસસરના રાજહંસ! શી બદ્ધદશા! મુક્તાત્મા!
મધલાળે કર્દમ કળણે ગરકાવ વિપથ તવ યાત્રા!
ખંખેરી રજ પાર્થિવતાની, લીલા અસલી નીડે.
કોણ અજંપો પીડે?
ના, ના, કો ન અજંપો પીડે.

ડૉ. રણજિત પટેલ (અનામી)

## 'નયા ગુજરાત'ની રચનાની દિશામાં ગુજરાતની સંયુક્ત સરકારના નક્કર કદમ

મુખ્યમંત્રી શ્રીચીમનભાઇ પટેલની રાહબરી હેઠળ ગુજરાત રાજ્ય પરિવર્તનની દિશામાં મક્કમ ડગ માંડી રહ્યું છે. "નયા ગુજરાત"નો અભિનવ સંકલ્પ સાકાર કરવા રાજ્યમાં પરિવર્તન માટેની ક્રિયાશીલતા આવી છે. માત્ર ભૌતિક વિકાસની દિશામાં નક્કર પગલાં જ નહિ. પણ પ્રજાવર્ગોમાં ખુમારી, ખમીર અને આત્મવિશ્વાસની નવી ચેતનાનો આવિર્ભાવ જોવા મળે છે. ગુજરાતની ઝાંખી પડેલી અસ્મિતાના ગૌરવની પુનઃસ્થાપના થઇ રહી છે. ગુજરાતના હિતોની રખેવાળી તથા ગુજરાતના સ્વમાનના રક્ષણ માટે સર્વત્ર જાગૃતિ આવી રહી છે. દેશના જાહેર જીવનમાં ગુજરાત મોખરાનું સ્થાન મેળવવા કદમ મીલાવી રહ્યું છે.

### અન્ય અગત્યનાં પગલાંનો આછેરી ઝલક

### કૃષિ પશુપાલન

કપાસ પકવતા ખેડૂતોને ભાવમાં રક્ષણ આપવા ૪૫ હજાર કપાસની ગાંસડીઓની નિકાસ.

ખેડૂતોને ભાવછત્ર પૂરું પાડવા માર્ચ ૧૯૯૦ થી નાફેડ અને ગુજકોમાસોલ દ્વારા રૂા. ૭૦ ના ક્વીન્ટલના ભાવે ૪૫ હજાર ટન ડુંગળીની ખરીદી.

પાક વીમાનું રક્ષણ આપવા ડાંગર, ખરીફ બાજરી, ખરીફ મગફળી અને તુવેર પાક હેઠળના મોટાભાગના તાલુકાને આવરી લેવાયા.

### ઉદ્યોગ

અમદાવાદમાં ડાયમન્ડપાર્કની સ્થાપના. મે, ૧૨, ૧૯૯૦થી કારખાનાઓ શરૂ.

૩૪૨ એકમોને રૂા. ૭.૨૨ કરોડની રકમ સબસીડી તરીકે અપાઇ.

રોજગારોની ૨૫૦૦૦ જેટલી તકો ઉભી કરવા માટે રૂા. ૨૦ કરોડની રોજગાર લક્ષી યોજનાઓનું આયોજન.

ક્રુડઓઇલ રોયલ્ટીના દરમાં વચગાળાની વધારીની રકમ તરીકે રૂા. ૧૬૦ કરોડની પ્રાપ્તિ.

નવી ઔદ્યોગિક નીતિને અપાઇ રહેલાં આખરી ઓપ.

ગુજરાતમાં ઉદ્યોગકારો વિવિધ પ્રકારના ઉત્પાદનો પ્રદર્શિત કરી શકે એ હેતુથી ઔદ્યોગિક પ્રદર્શન કેન્દ્ર ઉભું કરાશે.

### નાગરિક પુરવઠો

કેન્દ્ર સરકાર દ્વારા રાજ્યને અપાતા ખાદ્યતેલના માસિક પુરવઠામાં નોંધપાત્ર વધારો માર્ચ–૯૦ થી મે–૯૦ દરમિયાન ૧૩.૩૫૦ મે. ટન ખાદ્યતેલની થયેલ ફાળવણી.

ભુતિયા કાર્ડ નાબુદીની ઝુંબેશ દ્વારા ૭૫ હજાર ભુતિયા કાર્ડ નાબુદ કરાયાં.

રાજ્યના તમામ કાર્ડધારકોને પામોલીન તેલનું વિતરણ કરવા નિર્ણય.

દુર્ગમ વિસ્તારોમાં વધુ ફરતાં વાહનો દ્વારા અનાજ વિતરણની વ્યવસ્થા.

### પાણી પુરવઠો

પીવાના પાણીના પ્રશ્નોનાં સ્થળ ઉપર નિરાકરણ માટે જિલ્લાવાર લોકઅદાલતોનું અભિનવ આયોજન.

### રોજગાર અને તાલીમ

શૂન્ય બેરોજગારી કાર્યક્રમોનો અમલ. આ માટે ગાંધીનગર અને ડાંગ જિલ્લાની પસંદગી. અમલીકરણ માટે ઉચ્ચ અધિકારીઓના બનેલા ટાસ્કફોર્સની રચના.

બંધ મિલોની સમસ્યાના નિરાકરણમાં ફરી શરૂ થઇ રહેલી અમદાવાદની નગરી તથા પેટલાદની સ્પીનીંગ મિલ.

### પ્રૌઢ શિક્ષણ

રાજ્યના ૧૦૦ તાલુકાઓના અંદાજે ૩૦ લાખ નિરક્ષરોને સાક્ષર કરવાના વિસ્તૃત કાર્યક્રમનો અમલ.

## * વિચારશક્તિ *

વિચારો એ જીવન તેમ જ જગતનો મૂળ પાયો છે!
વિચારો વ્યક્ત-અવ્યક્ત, 'જીવનસંજોગ' સર્જે છે!
તરંગો 'એકરૂપ'ના જે, પરસ્પરમાં ભળે છે તે,
શી ગહન એની ગતિ કેવી! જગતભરમાં ઘૂમે છે તે!

## * ગરવી ગરીબી *

પરાણે વેઠવી પડતી, ગરીબી દુ:ખદાયક છે!
પણ, સ્વીકારાત્મક ગરીબીમાં, અનેરું આત્મજીવન છે!
જગતના ઉચ્ચ આત્માઓ, ગરીબીમાં ઘડાયા છે!
ગરીબ હાલત મળી તેને — કૃપા, આશિષ ગણેલી છે!

## * વૃદ્ધવયમાં વ્યાધિ *

વૃદ્ધવયમાં વ્યાધિ એ ના એકલું પ્રારબ્ધ છે!
પણ વિશેષે, પંચભૂતના ખોળિયાની દેણ છે!
જરા-જીર્ણ શક્તિઓ જ્યાં, ક્ષીણ બનતી જાય છે -
ત્યાં, સંત કે યોગીજનો પણ વ્યાધિથી ઘેરાય છે!

—રતિલાલ ભાવસાર

### નોંધ

જૂન અને જુલાઇ '૯૦ ના અંકો કેટલાંક અનિવાર્ય કારણોસર ચાર-ચાર દિવસ મોડા પ્રસિદ્ધ થયા છે, તો ગ્રાહકો ક્ષમા કરે.

—તંત્રી



પ. પૂ. મા શ્રીસર્વેશ્વરીનું વિદેશમાં એક અનોખું

# રામાયણ-પારાયણ

શ્રીસુરેશભાઇ શાહ (કેનેડા)

### એક સમીક્ષા

પ્રારબ્ધ અને પુરુષાર્થના બળે માનવ ધન, વૈભવ, ઐશ્વર્ય કીર્તિ, મોભો, રાજ્ય અને સામ્રાજ્ય મેળવી શકે છે, પણ જીવનમાં સાચા, સમર્થ અને ઈશ્વરદર્શન પામી ચૂકેલા સદ્ગુરુ અને સાચા સંત ઈશ્વરની પરમ કૃપા અને પૂર્વજન્મના સંસ્કાર સિવાય મળી શકતા નથી. રામાયણ કે ભાગવતની કથા કરવી ને ગ્રંથોનું પારાયણ કરવું અને પોતાની અનોખી વક્તૃત્વશક્તિથી જનતામાં તેનું જાહેરમાં વ્યાખ્યાન કરવું એ માટે સારી વક્તૃત્વશક્તિની જરૂર પડે છે. એવા સારા વક્તાઓ કે કથાકારો આપણને સાંભળવા મળી રહે છે.

પણ જેવો ઉપદેશ આપે તેવું જ પવિત્ર, આદર્શ અને અનુકરણીય જીવન જાહેરમાં તેમ જ અંગતરીતે જીવનારાં, વ્રત, તપ કરનારાં, સદ્ગુરુના અનુગ્રહમાટે તપનારાં પોતાના સદ્ગુરુને માટે જ શ્વાસોશ્વાસ લેનારાં, અને પૃથ્વી ઉપર જગકલ્યાણ માટે વિચરનારાં સંત પૂ. મા સર્વેશ્વરીના મુખે પૂ. શ્રી રચિત શ્રી તુલસીદાસકૃત રામચરિત માનસના ગુજરાતી પદ્યાનુવાદનું પાન કરવું તે પણ જીવનનો અમૂલ્ય લ્હાવો છે. કેનેડા જેવી વિદેશની ધરતી ઉપર અમને પૂ. માની કૃપાથી જ તેનો અવર્ણનીય આનંદ મળ્યો. અમે ધન્ય બન્યા.

પૂ. માએ રામાયણના પારાયણના આયોજન માટે રામચરિત માનસના ૨૪ જેટલા ગ્રંથો ભારતથી કેનેડા રવાના કર્યા ત્થા વિદેશમાં રજાઓ માટેનું આયોજન અગાઉથી કરવાનું હોવાથી રામાયણ પારાયણની તારીખ પણ ન્યુજર્સીથી લગભગ દોઢમહિના અગાઉ ટેલીફોનથી નક્કી કરી. ચાતક પક્ષીની જેમ અમે સૌ તે શુભદિવસોના આગમનની પ્રતીક્ષા કરતા રહ્યા.

૧૮ મી માર્ચ, ૧૯૯૦ પૂ. શ્રીનો છઠ્ઠો લીલાસંવરણદિન પૂ. યોગેશ્વર ધ્યાનકેન્દ્ર-ટોરોન્ટોએ આ વર્ષે ધ્યાનકેન્દ્રના અતિ ઉત્સાહી સાધક ભાઇશ્રી દીપકભાઇ ઘોડીવાલાના આગ્રહને માન આપી વીન્ડઝરમાં ઉજવ્યો. વીન્ડઝર કેનેડા અને અમેરિકાની બોર્ડર ઉપર આવેલું શહેર છે અને ટોરોન્ટોથી લગભગ ચાર કલાકનું-આશરે ૪૦૦/- (ચારસો) કિ. મી. ના અંતરે આવેલું છે. પૂ. મા ન્યુજર્સીથી વીન્ડ્ઝરના એરપોર્ટ ઉપર પધાર્યાં અને ટોરોન્ટોથી આવેલા પૂ. યોગેશ્વર ધ્યાનકેન્દ્રના સાધક ભાઇબહેનોએ એરપોર્ટ ઉપર પૂ. માનું અભિવાદન કર્યું. આ પ્રસંગે શ્રી સાંઇ સેન્ટરના પ્રેસીડેન્ટ શ્રી સીંગસાહેબ પણ હાજર રહ્યા હતા. તેમને માટે પૂ. માનો પ્રથમ પરિચય હતો, છતાં એરપોર્ટ ઉપર તેઓશ્રી પૂ. મા અને પૂ. શ્રી વિષે કડીબદ્ધ વાતો જાણવાની ઉત્સુકતા અને ભાવના રાખતા હતા. તેઓ લગભગ ૩૦ જેટલાં સાંઇ સેન્ટરો નોર્થ અમેરિકામાં ચલાવે છે-જેમાં કેનેડાના-ટોરોન્ટો, વીન્ડઝર, વાંકુવર, ઓટાવા વગેરેનો સમાવેશ થાય છે.

૧૮ મી માર્ચને રવિવારનો કાર્યક્રમ પતાવી પૂ. મા ૧૯ મી માર્ચને સોમવારના રોજ સવારે ૧૦-૦૦ વાગે વીન્ડઝરથી મોટરમાં બપોરે ૨-૦૦ વાગ્યાની આસપાસ ટોરોન્ટો પધારે છે.



અતિશય ઠંડી અને બરફ પડવાના કારણે રસ્તામાં બધે જ બરફ છવાયેલો જોવા મળે છે. પૂ. મા વિનોદ કરતાં જણાવે છે કે કુદરત જેવી શ્વેતતા આપણા જીવનમાં આવે તો જીવન કેવું પવિત્ર અને વ્યવહાર કેવો પ્રેમમય, દ્વેષરહિત અને સુમેળભર્યો બની જાય!

તા. ૧૯, ૨૦ માર્ચ પૂ. મા નિવાસસ્થાનમાં ગોઠવાય છે-શરીરનો થાક ઉતારવા આરામ કરે છે. યજમાન સાથે પારાયણના આયોજનની વાતો કરે છે. પારાયણનું આયોજન યજમાનના ઘરમાં જ બેઝમેંટ (ભોંયરામાં) કરવાનું ઉચિત માને છે અને તે માટેની તૈયારીઓ કરવાની આજ્ઞા આપે છે. તા. ૨૩/૩ ને શુક્રવારની મોડી રાત સુધી, ફૂલના હાર, વ્યાસપીઠની ગોઠવણી, ને હોલના સુશોભનની કાર્યવાહી ચાલે છે. પૂ. મા બાળકોને કામ કરતાં જોઇ કોઇને પણ કહ્યા વગર સૌના આશ્ચર્ય વચ્ચે બે દાદર ઊતરી નીચે ભોંયરામાં આવે છે, બધું નિહાળે છે. પૂ. શ્રીનું સ્વરૂપ વ્યાસપીઠની બાજુમાં જોઇ યજમાનને અને સૌને જણાવે છે કે "આપણે હંમેશાં પ્રભુને બાજુમાં રાખીએ છીએ તેથી જ પ્રભુ આપણા ઉપર અનુગ્રહ વરસાવતા નથી. અમે તો પ્રભુના ખોળામાં બેસી રામાયણનું પારાયણ કરીશું." એમ કહી પૂ. શ્રીના સ્વરૂપને વ્યાસપીઠની પાછળ રાખવાની સૂચના આપે છે.-અમે સૌ માના ભાવને જોઇ ભીંજાઇ જઇએ છીએ-મનોમન પૂ. માની ગુરુભક્તિ અને ગુરુપ્રત્યેના પ્રેમને પ્રણામ કરીએ છીએ.

તા. ૨૪ માર્ચ શનિવારની એ સવારની બેઠક ૧૦-૦૦ વાગે શરૂ થાય છે. આજથી રામાયણ પારાયણનો પ્રારંભ થાય છે. વાતાવરણમાં નવો પ્રાણ પુરાયો છે, જીવનમાં આનંદ લાગે

છે, મન પ્રસન્ન છે અને આત્મા આનંદવિભોર બની ગયો છે, જાણે કે મા-પ્રભુ એક જ સ્વરૂપે આજે પધાર્યા. છે. શંખના ધ્વનિ સાથે પૂ. મા સફેદ સાડી, સફેદ સ્વેટર અને માથા ઉપર સફેદ સ્કાર્ફ બાંધી પૂ. શ્રીના સ્વરૂપ સાથે હોલમાં ઉપસ્થિત થાય છે. પવિત્રતાની એ દેવી, પ્રેમની મૂર્તિ, આધ્યાત્મિકતાની અનુભૂતિઓની સાક્ષાત્ મૂર્તિને જોઇ કોઇ ધન્યક્ષણો જીવનમાં મળી હોય તેવો સંતોષ થાય છે. પૂ. મા સફેદ રેશમી ચાદરથી શોભતી વ્યાસપીઠ ઉપર બિરાજે છે. બેઠકની શરૂઆતમાં જે પુષ્પો અને પુષ્પના હાર પૂ. માને ભક્તો તરફથી મળે છે તે સૌને પૂ. મા-પ્રભુ પાસે મૂકી આવે છે. જાણે કે સૌને સમજાવે છે કે, આ સમગ્ર આયોજન પ્રભુની પ્રેરણાથી જ થયું છે,-ફૂલ અને હાર પ્રભુને જ શોભે તેજ તેના સાચા હક્કદાર છે. પૂ. મા તો કેવળ પ્રભુના કાર્યોનું માધ્યમ છે, શક્તિ પ્રભુની છે, કૃપા પ્રભુની છે, કાર્ય પ્રભુનું છે, પોતે તો નિમિત્ત બન્યાં છે એટલું જ.

લગભગ ૧૫૦ ભક્તોની હાજરીમાં બેઠક શરૂ થાય તે પહેલાં પૂ. મા પોતાના હંમેશના નિયમ પ્રમાણે પૂ. શ્રીને એકસો આઠ સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરે છે. સૂકલકડી દેખાતી એ કાયા નેતરની સોટીની માફક વળે છે અને સ્પ્રીંગની જેમ ઉછળે છે, એ જોઇ પ્રભુની શક્તિ અને પૂ. માની ભક્તિની સહુને પ્રતીતિ થાય છે. પૂ. મા કરતાં ત્રણથી ચાર ગણું શરીર ધરાવતાં પ્રણામ કરવામાં હાંફી જાય છે. યજમાનનો જમણો ખભો દુખતો હોવાથી ૧૦૮ પ્રણામ થઇ શકતા નથી. પૂ. મા ખૂબ જ ગંભીરતા અને મર્મવેધક રીતે જણાવે છે કે "પ્રણામ ના થવા કે કોઇપણ આધ્યાત્મિક પ્રવૃત્તિ ના થઇ શકવાનું મહત્ત્વનું કારણ કેવળ મનની નબળાઇ અગર દૃઢ મનોબળનો અભાવ છે. પ્રભુને



પ્રાર્થના કરો કે આ પ્રણામ તમને સાચા અંતરથી અર્પણ કરું છું તો તમને તે જરૂર શક્તિ આપશે."

અમારા આશ્ચર્ય વચ્ચે જણાવવાનું મન થઇ જાય છે કે તે દિવસથી નિયમિત અમે ૧૦૮ દંડવત્ પ્રણામ કરી શકીએ છીએ. ખભો દુ:ખવાની કોઇ ફરિયાદ નથી કે દુ:ખાવો પણ નથી. પ્રભુની કૃપા અને પૂ. માની આજ્ઞાથી જ આમ બની શક્યું. ૧૦૮ પ્રણામ દરરોજની બેઠકમાં નિયમિત થવા લાગ્યા અને સૌને તેનો આનંદ હતો. રામાયણના પારાયણમાં વિદેશથી આવેલા મહેમાનોમાં ન્યુજર્સીથી શ્રીવિનોદભાઇ, સરોજબેન, ધનજી-ભાઇ સુતરીયા, શારદાબેન-મેમ્ફીસથી ગુલાબબેન, રંજનબેન, પીટસવર્ગથી શ્રીબાબુભાઇ તેમનાં પત્ની ત્થા તેમનાં વૃદ્ધ માતાજી, કેલીફોર્નિયાથી શ્રીચંદુભાઇ, હસુબેન-સાનફ્રાંસી-. સ્કોથી આવેલા નિવેદીતાબેન વિગેરેનો સમાવેશ થાય છે.

ગોસ્વામી શ્રી તુલસીદાસજી શ્રીરામચરિત માનસના લેખનકાર્યની શરૂઆતમાં અક્ષર, અર્થ, છંદ અને રસરચના કરતાં વિદ્યાની દેવી સરસ્વતીને વંદના કરે છે, ગણપતિને પ્રણામ કરે છે, શંકર ભગવાનની સ્તુતિ કરે છે અને સીતારામના ગુણ ગાય છે, વેદોની સ્તુતિ કરે છે. તેમ પૂ. 'મા' કે જેમના અંગેઅંગમાં પ્રભુ સૂક્ષ્મસ્વરૂપે બિરાજેલા છે તેમના અક્ષરદેહ શ્રીરામચરિત માનસને ગાતાં પહેલાં યોગેશ્વર પ્રભુને પ્રણામ કરે છે, પ્રભુની રામાયણ પારાયણની વિધિ નિર્વિઘ્ને પરિસમાપ્તિ પર પહોંચે માટે પ્રાર્થના કરે છે, અંતરથી શ્રીપ્રભુને વંદન કરે છે અને ગાય છે -

અમારા બધા કાર્યોમાં, તમારી મદદ માંગું છું,
તમારો દિવ્ય આઠે પ્રહર આશીર્વાદ માંગુ છું;

રઘુવર, તુમ કો મેરી લાજ,
પતિત ઉધારણ બિરૂદ નિહારો,
પાર ઉતારો જહાજ.....રઘુવીર....

ધીમે ધીમે વાતાવરણ ભાવ, ભક્તિ, મંજીરા અને ઢોલકના તાલથી ગૂંજતું થઇ જાય છે, પૂ. મા પ્રભુના ગુણ ગાતાં ગાતાં ભાવવિભોર બની જાય છે. વ્યાસપીઠિ ઉપર બિરાજેલાં પૂ. મા થોડીક્ષણો પહેલાં જેવાં લૌકિક લાગતાં નથી. સૌમ્ય લાગતો ચહેરો દિવ્ય લાગે છે, શરીર અલૌકિકતાથી દેદીપ્યમાન લાગે છે એમના વદનથી ઉચ્ચારાતા શબ્દોનો ભાવ અને મધુરતા કોઇ દૈવીશક્તિનો ખ્યાલ આપે છે અને સ્પંદનો ભરી દે છે. વાતાવરણને દિવ્યતાથી ભરી દે છે.

પૂ. મા પોતાનાં ભાવ અને ભક્તિથી કેનેડાના આ બેઝ-મેંટના સ્થળને અયોધ્યામાં પલટાવી નાંખે છે. બહારની દુનિયા ભૂલાતી જાય છે. ભીતરનાં દ્વાર ઉઘડે છે, મન ભક્તિભાવમાં તરબોળ બની જાય છે અને પૂ. 'મા'ની સાથે સૌ ગાય છે –

રામ રાઘવ, રામ રાઘવ, રામ રાઘવ રક્ષમામ્
કૃષ્ણ કેશવ, કૃષ્ણ કેશવ, કૃષ્ણ કેશવ પાહિમામ્।

પંદર–વીસ મિનિટ ક્યાં પસાર થઇ ગઇ તેનો કોઇને ખ્યાલ ના રહ્યો. તાવથી તપતું તે શરીર સૌના જીવનના ત્રિવિધ તાપ કેવી રીતે હરી ગયું તે તો જેણે હાજરી આપી હોય તેને જ તેનો ખ્યાલ આવે. શબ્દોમાં તે કેમ વર્ણવી શકાય!

પૂ. મા પણ પૂ. શ્રીની જેમ જ નિયમિતતા, સુઘડતા, શિસ્ત અને વિવેકનો ખૂબ જ આગ્રહ રાખે છે. પૂ. મા શાંતિપાઠ કરે છે ત્યારે સૌ ભક્તો સાથે ગાય છે પૂ. મા એકદમ



રોકાઇ જઇને કહે છે, "અમે અમારી આધ્યાત્મિકતાથી દિવ્ય પરમાણુઓથી આ વાતાવરણને ભરી દેવા માગીએ છીએ. તમે સૌ સાથે ગાઓ છો તેથી શાંતિપાઠનું ધાર્યું પરિણામ નહીં આવે." સૌને અવિવેક થયાનો ખ્યાલ આવ્યો અને સંતની સમીપે શું પ્રાપ્ત કરવાનું છે તેનો પણ ખ્યાલ આવ્યો. પૂ. મા ખૂબ જ કડક શબ્દોમાં આજ્ઞા આપે છે કે શ્રીરામચરિત માનસનું પુસ્તક એ કોઇ નવલિકા કે નવલકથાનું પુસ્તક નથી. તે તો પૂ. શ્રીનો અક્ષરદેહ છે. તેનું સંપૂર્ણપણે માન જાળવવું જોઇએ, કોઇ પણ શ્રીરામસીતાના અક્ષરદેહને નીચે મૂકવાનો અવિવેક ના કરે.

બેઠકની શરૂઆત થાય છે–પ્રારંભની પ્રાર્થનાથી. તેના શબ્દો છે –

"ધનુષ્યબાણ ધારી વળી પદ્મનેત્ર પ્રભુ જે,
ભક્ત તણાં સંકટ હરે, સમર્થ સુખપ્રદ જે.
રઘુનાયકને મનવચન કર્મે વંદુ છું,
ચરણકમળમાં શીશને ઢાળી વંદું છું.
જનકસુતા જગદંબિકા અતિપ્રિય રઘુવરને,
સીતાના ચરણે નમું, દો નિર્મળ મતિને.
ખલવન પાવક જ્ઞાનમય પવનકુમાર પ્રણામ,
ધનુષ્યબાણ ધારી વસે હૈયે જેમના રામ,
સર્વેશ્વરીના સ્વામીને સખા સદ્‌ગુરુ નાથ,
જીવનના આધાર છો, યોગેશ્વર પ્રભુ આપ!
નમસ્કાર ચરણે કરું, ભાવભક્તિથી આજ,
સર્વપ્રકારે રક્ષજો યોગેશ્વર ભગવાન."

પૂ. માનું આ સત્તાવીસમું પારાયણ છે. આ પહેલાં પૂ. માએ પાંચ, સાત,નવ અને ૧૧ દિવસનાં પારાયણ વિવિધ

સ્થળે કરેલાં છે. ટોરોન્ટોમાં પૂ. માએ તા. ૨૪ માર્ચ '૯૦ થી તા. ૨ એપ્રિલ '૯૦ સુધીમાં બાલકાંડ, અયોધ્યાકાંડ, અરણ્યકાંડ, કિષ્કિન્ધાકાંડ, સુંદરકાંડ, લંકાકાંડ અને ઉત્તરકાંડ-કુલ ૬૬૦ પાનનું ખૂબ જ છણાવટ અને વિસ્તૃત સમજણ આપી અગિયાર દિવસ સુધી, રોજની સવારસાંજની ત્રણ ત્રણ કલાકની બેઠકો યોજી રામાયણનું પારાયણ કર્યું. પોતાને નિર્જળાવ્રત હોવા છતાં વ્યાસપીઠ ઉપરથી સતત, કોઈપણ પૂર્વ તૈયારી સિવાય વગર રુકાવટે નિર્મળ વાણીથી સૌને ભક્તિભાવની પ્રેમગંગામાં સ્નાન કરાવ્યું અને બોધ આપ્યો કે જીવનમાં વારંવાર પારાયણ સાંભળવાથી કાંઈ મળતું નથી. જીવનને પ્રભુપ્રત્યે સમર્પિત કરવું હોય, જીવનમાં પ્રભુ પ્રત્યેનો અનુરાગ જગાડવો હોય, કાયાનું કલ્યાણ કરવું હોય તો આ એક જ પારાયણમાંથી ઘણું બધું શીખી શકાય. રામાયણનો ગ્રંથ, રામાયણનાં પાત્રો અને પ્રસંગોમાંથી ઘણી પ્રેરણા લઈ શકાય અને જીવનમાં ઉતારી શકાય.

દરરોજ સવારની અને સાંજની બેઠક પછી પુર્ણાહૂતિ પ્રાર્થના કરવામાં આવે છે, જેના શબ્દો છે -

મુજ સમ દીન ન દીનહીન, આપસમા રઘુવીર,
એથી ઓ રઘુવંશમણિ, હરો વિષમ ભવભીર.
કામીને સ્ત્રી જેમ પ્રિય, લોભીને પ્રિય દામ,
પ્રિય તેમ જ લાગો મને, રઘુનાથ સદા રામ.
અર્થ, ધર્મ કે કામરૂચિ, ના ચાહું નિર્વાણ,
જનમ જનમ રતિ રામપદ, માંગુ વર ના આન.
યોગેશ્વર ભગવાન હે ! સર્વેશ્વરીના પ્રાણ,
બ્રહ્મા વિષ્ણુ મહેશ છો, જીવનના આરામ.



વારંવાર પ્રણામ હો, ભાવભક્તિથી આજ,
જનમ જનમ સાથે રહો, સ્થૂળ સ્વરૂપે નાથ.

ખાસ ઉલ્લેખનીય વસ્તુ અને નોંધપાત્ર હકીકત એ છે કે રાત્રે ૧૦-૦૦ વાગે બીજી બેઠકની પુર્ણાહૂતિ થાય ત્યારપછી પૂજ્ય માની ઉપસ્થિતિમાં જ ભાઈઓ અને બહેનો દરરોજ ગરબા ગાતાં રંગબેરંગી વસ્ત્રો, અંતરમાં ઉછળતો અપૂર્વ આનંદ, હૈયાનાં હેતભાવ અને પૂ. માની હાજરી પ્રસંગને અનેરો ઓપ આપતાં, જાણે કે મા જગદંબાની હાજરીમાં નવરાત્રિ પર્વ ઉજવાઈ રહ્યું હોય ! કોઈના પણ મુખ કે શરીર ઉપર કંટાળો, થાક કે મોડું થવાનો ભાર ન દેખાતો. સૌ હળવા ફૂલ જેવાં થઈ પ્રસંગમાં સહભાગી થતાં અને પૂ. મા ખૂબ જ પ્રસન્નતાથી નિહાળી તેમાં તાલ પુરાવતાં રહેતાં.

પૂ. માને જોઈ અમને થાય કે સંતની હાજરી આંખના અંજન જેવી હોય છે. જે આંખને નવી દૃષ્ટિ આપે છે અને જીવનને નિર્મળ કરે છે. સંતપુરુષો મહાન તીર્થ જેવા હોય છે, ત્રિવેણી સંગમ જેવા હોય છે અને તેમનું સેવન કરતાં ધર્મ, અર્થ, કામ અને મોક્ષની ઈચ્છા પણ થતી નથી. સત્સંગથી કાગડો કોયલ બને છે, પારસમણિના સ્પર્શે લોઢું સુવર્ણ બની જાય છે. સાપના મસ્તક ઉપરના મણિને જેમ સાપના ઝેરનો સ્પર્શ થતો નથી, તેમ સંતના સમાગમ અને દર્શનથી સંસારના તાપો અને દુ:ખો ભક્તોને સતાવતાં નથી-કષ્ટ આપતાં નથી.

સંતપુરુષો હંસ જેવા વિવેકી હોય છે. જીવનમાં રામના ચરણોની પ્રીતિ અને ભક્તિભાવ રહે તે માટે આપણે પ્રભુને પ્રાર્થના કરીશું કે અમારી બુદ્ધિને એવી તો નિર્મળ કરી દેજો કે જેથી બીજીવાર પારાયણો સાંભળવી ના પડે.

રામાયણના પારાયણની શરૂઆત તા. ૨૪ માર્ચ '૯૦ થી થઇ અને પૂર્ણાહુતિ તા. ૨ એપ્રિલ '૯૦ સુધીના સમયમાં પારાયણની કથા સાંભળ્યા પછી જે પ્રતિભાવોએ અમને કલમથી લખવા પ્રેરણા આપી તેમાનાં થોડા ઉદ્‌ગારો આ મુજબ હતા:-

પીટસબર્ગથી અત્રે પધારેલ શ્રીબાબુભાઈનાં વૃદ્ધ માતુશ્રી જણાવે છે કે-

"મેં જીવનમાં ઘણી કથાઓ સાંભળી છે, ઘણા સંતોનાં દર્શન કર્યાં છે પણ પૂ. મા જેવી શક્તિનાં દર્શન મને ક્યાંય થયાં નથી. ખૂબ જ સરળ ભાષામાં, વિગતવાર દૃષ્ટાંત આપીને આ કથા સાંભળવાનું એટલું બધું મન થાય છે કે ઘર પણ યાદ આવતું નથી, થાક લાગતો નથી અને કથા પૂરી થતાં હોલ છોડી જવાનું મન પણ થતું નથી."

ટોરોન્ટોના એક ભાઈ કે જેઓ પૂ. યોગેશ્વર ધ્યાનકેન્દ્રના સભ્ય નથી, પ્રથમવાર જ પૂ. મા-ને સાંભળ્યાં છે તે જણાવે છે-

"પૂ. માને અમારા તરફથી જણાવશો કે દરવર્ષે પૂ. મા આવું જ પારાયણ ટોરોન્ટોમાં કરે, પારાયણની શૈલી ખૂબ જ સુંદર છે, સમજાવટ અદ્‌ભુત છે અને પૂ. માની વાણીની મીઠાશ, પૂ. માની કથાના સમયની એકલીનતા અને પ્રભુસાથેનું તાદાત્મ્ય અનુભવવા જેવું છે-પરંપરાગત રૂઢિ પ્રમાણે ચાલતાં પારાયણો કરતાં મને અહીં વિશેષ આનંદ આવે છે."

વીન્ડઝરથી પધારેલા શ્રીસત્યસાઈબાબા સેન્ટરના પ્રમુખ અને નોર્થ અમેરિકાના સઘળાં સાઈસેન્ટરના કોઓરડીનેટર-બુઝર્ગ શ્રીસીંગ સાહેબ જણાવે છે-



"ખૂબ જ ટૂંકી મુલાકાત, ઓછામાં ઓછો પરિચય અને થોડીક ક્ષણોના સત્સંગમાત્રથી હું પૂ. મા પ્રત્યે ચુંબકીય આકર્ષણ અનુભવવા લાગ્યો છું. મન અને હૃદય વિશુદ્ધભાવોથી ભરાઈ ગયાં છે અને પૂ. માની અંગત મુલાકાત માટે મન તલસી રહ્યું છે. મારી સાથે આવેલા બીજા ભાઈ બહેનો કે જે ગુજરાતી બીલકુલ સમજતાં નથી, તેઓ પણ જણાવે છે કે અમે ભાષા, ભાવ અને કથા સમજતાં નથી પણ વાતાવરણનો દિવ્ય અનુભવ કરી શકીએ છીએ અને કથાનો આનંદ માણીએ છીએ." શ્રીસીંગ સાહેબ આગળ બોલતાં જણાવે છે કે "પૂ. યોગેશ્વર ધ્યાનકેન્દ્રના સૌ સાધક ભાઈબહેનો પૂ. યોગેશ્વર જેવા સમર્થ સદ્‌ગુરુને મેળવવા માટે ભાગ્યશાળી બન્યા છે અને એક મા જે મંદિરમાં મૂર્તિ સ્વરૂપે બિરાજેલાં છે તેજ મા પ્રત્યક્ષ આપણા સૌની વચ્ચે બિરાજે છે. પૂ. માનું સ્વાસ્થ્ય અને પ્રસન્નતા જોતાં વિસ્મય થાય છે કે આ (પૂ. માના) જીવનને કોણ શક્તિ પ્રદાન કરે છે?"

આંખમાંથી આવતાં આંસુ સાથે જણાવે છે કે "પૂ. શ્રીજ બીજું કોણ!! તેઓ જણાવે છે કે પૂ. મા કોઈની માલિકી નથી-તેઓ તો વિશ્વની મોટી થાપણ છે-પૃથ્વી ઉપરનું તેમનું અવતરણ લોકકલ્યાણ માટે છે."

ઓટાવાથી આવેલાં બહેન આશા સહા (બંગાળીબેન) જણાવે છે કે-

"પૂ. માના દર્શનથી મન એક પ્રકારની હળવાશ અને શાંતિ અનુભવે છે. પૂ. મા સાથે રહેવાનું મન થાય છે. તમે પૂ. માને ઓટાવા અમારા ઘેર લઈ આવો. ત્રણ કલાકની બેઠકમાં તેમની આંખમાંથી સતત અશ્રુધારા અમે જોઈ છે."

પૂ. શ્રીયોગેશ્વર ધ્યાનકેન્દ્રના સાધક ભાઈબહેનો પૈકી

થોડા ભાઈબહેનો જણાવે છે કે–

"ટોરોન્ટોમાં પધારતા વક્તાઓ પાસેથી વખતોવખત પારાયણ સાંભળ્યું છે. આટલી નજીકથી સંતના સાન્નિધ્યમાં પારાયણ સાંભળવાનો અમારો પ્રથમ અનુભવ છે. ભાષા સરળ, ભાવગહન, શૈલી સુંદર, મધુર સ્વર સાથે સંમિશ્રિત થયેલી પૂ. માની દિવ્યતા અને હૃદયના વિશુદ્ધ ભાવોએ અમને પારાયણમાં એકાકાર બનાવી દીધા. બીજી પારાયણોની માફક–આગળ બેસવાની કોઈ ફી નહીં, આરતી ઉતારવા માટે કોઈ ફાળો નહીં, શ્રીરામના જન્મ, રામના રાજ્યાભિષેક જેવા પ્રસંગોએ કોઈ ભેટ નહીં મુકવાની અને બીજી કોઈ રીતે આર્થિક બોજો નહીં વેઠવાનો–આવો યજ્ઞ અમે જોયો નથી. પૂ. માને વિનંતિ કરીએ કે વખતો વખત સમય કાઢી અમને પોતાની અમૃતવાણીનો લાભ આપે."

રામાયણની પૂર્ણાહુતિ તા. ૨ એપ્રિલ '૯૦ ને રામનવમીને દિવસે થાય છે પૂ. મા પ્રસંગોપાત જણાવે છે કે આજે યજમાનના માતુશ્રી શારદાબેનનો જન્મદિવસ છે. પૂ. શ્રીની તેઓશ્રીએ કરેલી સેવા તેમનો પૂ. શ્રી માટેના પ્રેમ અને આદરભાવની વાતો પૂ. માએ પૂ. શ્રી પાસેથી સાંભળ્યો, માટે જ પૂ. મા જણાવે છે કે અમે એ આત્માની શાંતિ માટે આ પારાયણનું આયોજન કર્યું–તેઓનો સંસ્કાર વારસો આ નિવાસસ્થાનમાં સચવાઈ રહ્યો છે તેનો અમને સંતોષ અને આનંદ છે. પૂ. મા આગળ ચાલતાં જણાવે છે કે ઈંટ, સીમેન્ટ અને લોખંડનાં ઘરો એ ફક્ત માનવીનાં નિવાસસ્થાનો થઈ શકે. પરંતુ રામાયણનું પારાયણ, સંતનું નિવાસસ્થાન ઘરનું, મંદિરમાં રૂપાંતર કરે છે, તીર્થ બનાવે છે, અને ભૂમિને આગવી પવિત્રતા



અને દિવ્યતા આપે છે–

પારાયણની પૂર્ણાહુતિ, પછી પૂ. માની અલૌકિક સંનિધિથી વિખૂટા પડવાનો વિચાર મનને દુ:ખ આપે છે, કારણ હવે સંત વિદાય લેશે! રામચંદ્રજી અયોધ્યા છોડી વનવાસ ગયા અને રાજા દશરથની અને અયોધ્યાવાસીઓની જેવી દશા થઈ તેવો ભાવ અમને સૌને પણ થવા લાગ્યો.

"જય જય યોગેશ્વર ભગવાન, જય જય રામચંદ્ર ભગવાન, જય જય પવનસુત હનુમાન"ની લગભગ એક હજારવાર જય જયકાર પારાયણના પ્રારંભથી અંત સુધીમાં સૌ સાથે પૂ. મા પારાયણની કથાની શરૂઆતથી પૂર્ણાહુતિ સુધીમાં ગાય છે અને ગવડાવે છે. જાણે કે પૂ. મા પ્રભુના ગુણ ગાતાં થાકતાં જ નથી–કેવી રીતે થાકે અને શા માટે થાકે કારણ પ્રભુ તેમના અંગે અંગમાં વ્યાપી ગયા છે, પ્રભુ તેમના જીવનમાં ઓતપ્રોત થઈ સમાઈ ગયા છે–પ્રભુ તેમનું જીવન ચલાવે છે, શક્તિ પ્રદાન કરે છે.

"શ્રીરામચરિત માનસ"નો અર્ક પૂ. માની દૃષ્ટિએ–

શ્રીયોગેશ્વરાય નમ:
રામના ચરણે જીવન જીવતાં
મમતાથી તું મુક્ત બને,
ચહુ દિશ પ્રભુનું દર્શન કરતા
રિપુસૂદનને સદા ભજે,
તપથી તું તેજસ્વી બનતાં
માનને મોહને છોડ હવે.
નરમાંથી નારાયણ બનવા
સર્વપ્રકારે સજ્જ બને.

મનમાંથી સહજભાવે ઉદ્‌ગારો નીકળે છે –

"હે સર્વેશ્વરી! હે કરુણેશ્વરી! ચરણે તારા સદા પ્રણામ."

મારા પ્રભુનો જય જયકાર હો – પૂ. માનો જય જયકાર હો.

* * *

* જીવનરૂપી ખેતરને આપણે વિવેકની વાડ કરતા નથી. મનરૂપી જમીનને સંયમના હળથી ખેડતા નથી અને ભક્તિરૂપી બીજ વાવતા નથી, પ્રેમની વર્ષા કરતા નથી, પરિણામે જીવનમાં પ્રભુના અનુગ્રહનો પાક આપણે લણી શકતા નથી.

* * *

"શ્રીરામચરિત માનસ" –

* એક અનુપમ અમૂલખ અલૌકિક ઔષધિ.
* સુધા સભર સંજીવની બૂટી.
* પ્રેરણાત્મક પરબ.
* માનવ સંસ્કૃતિના મંથનનું નેહનવનીત.
* જીવનને ઉજ્જ્વળ કરનારી ભક્તિજ્યોતિ.
* પૂર્ણતાના પથિકની પવિત્ર પગદંડી.

અંબાજીમાં ક્યાં ઉતરશો?

" સ્વર્ગારોહણ "

માતાજી જ્યોતિર્મયી વિશ્રામગૃહ

" સ્વર્ગારોહણ ", દાંતા રોડ, અંબાજી. ટે. નં. ૧૬૯

(ઉ.ગુ.) ૩૮૫૧૧૦



# શ્રી શ્રી શારદામાનાં સંસ્મરણ

સરયૂબાલા

[ પ. પૂ. શ્રી શ્રી શારદામાના જીવનના પ્રસંગો વિષે સામાન્ય માણસોને ખાસ જાણકારી નથી. તેમાંય તેઓની આધ્યાત્મિક ઉચ્ચતા ને પરમહંસ શ્રી રામકૃષ્ણદેવના યુગકાર્યને આગળ ધપાવવામાં તેઓએ મહત્ત્વનો ફાળો આપ્યો છે. તેના વિષે પણ લોકો ઘણું ઓછું જાણે છે.

અહીં જે બે પ્રસંગો રજુ કરવામાં આવ્યા છે તે તેઓના જાતિ કે વર્ણથી પર એવા વિશાળ માતૃત્વનો પરિચય કરાવનારા છે. તેમાં તેઓની ઉંડી સમજ તેમજ સમાજની દૃષ્ટિએ તિરસ્કૃત એવા પંથ ભૂલેલા વિજાતિના માનવો પ્રત્યે પણ કેવો કરૂણામય ભાવ હતો તેની ઝાંખી થાય છે. –તંત્રી ]

સપ્ટેમ્બર, ૧૯૧૮–સાંજના ચારનો સમય છે. એક અંગ્રેજ સ્ત્રી શ્રી મા શારદાને પ્રણામ કરવા આવી છે અને તે નીચલા માળે ઘણા સમયથી તેઓને મળવાની પ્રતીક્ષા કરી રહી છે. પૂ. મા તેને ઉપર બોલાવે છે. જેવા તે સ્ત્રીએ પૂ. માને નીચા નમીને પ્રણામ કર્યા કે જાણે હસ્તધનૂન કરતાં હોય તેમ પૂ. મા તે સ્ત્રીનો હાથ પોતાના હાથમાં પકડી લે છે. પછી તે સ્ત્રીના ચીબુકને સ્પર્શ કરી પોતાનો પ્રેમ વ્યક્ત કરે છે.

તે અંગ્રેજ સ્ત્રી બંગાળી ભાષા જાણતી હોય છે. વિનય વ્યક્ત કરતાં તે કહે છે કે "મારી આ મુલાકાતથી આપને કોઇ તકલીફ તો નથી પડીને? હું અત્યારે ઘણી ચિન્તામાં છું. મારી એકની એક દીકરી છે જે ઘણી ગુણીયલ ને સરસ છે. તે અત્યારે

ગંભીર માંદગીમાં સપડાયેલી છે. એના માટે આપની કૃપા ને આશીર્વાદ માંગવા હું આપની પાસે આવી છું. આપ કૃપા કરો કે તે જલ્દીથી સાજી થઇ જાય. એ ખરેખર ડાહી ને સારી છોકરી છે. હું એનાં વખાણ એટલા માટે કરું છું કે અત્યારના સમયમાં અમારામાં સારી સ્ત્રી ભાગ્યે જ જોવા મળે છે, તે હું જાણું છું. ઘણાં માણસો દુષ્ટ ને બીજાઓનું અહિત કરવાના વિચારવાળાં હોય છે. પરંતુ તે બધાંથી મારી દીકરીનો સ્વભાવ તદ્દન જુદા જ પ્રકારનો છે. એટલે આપ તેના ઉપર કૃપા કરો, એવી મારી પ્રાર્થના છે."

"હું તમારી દીકરી માટે અવશ્ય પ્રાર્થના કરીશ, એ જરૂર સાજી થઇ જશે."

પૂ. માના આ પ્રકારના આશ્વાસનયુક્ત ઉદ્‌ગારોથી પ્રોત્સાહિત થયેલી તે સ્ત્રી બોલી ઊઠી, "જ્યારે આપ એ સંપૂર્ણ સાજી થઇ જશે એમ કહો છો, ત્યારે એ જરૂરથી સાજી થઇ જવાની. હવે મને એમાં જરાય શંકા નથી." તે સ્ત્રી ત્રણવાર આ શબ્દો ખૂબ શ્રદ્ધા ને ભારપૂર્વક બોલી.

પૂ. શારદા માએ ગોપાલની મા તરફ પ્રેમપૂર્વક દૃષ્ટિ કરીને કહ્યું, "મને ભગવાનને ચઢાવેલું એક કમળનું ફૂલ લાવી આપો." ગોપાલની માએ તે લાવીને પૂ. માને આપ્યું. તે ફૂલ હાથમાં રાખીને થોડી ક્ષણો માટે તેઓ આંખો મીંચીને ધ્યાનમાં ડૂબી ગયાં. પછી પૂ. ઠાકુરના સ્વરૂપ સામે પ્રેમપૂર્વક દૃષ્ટિપાત કરી તે ફૂલ તે અંગ્રેજ બાઇને આપતાં કહ્યું, "તમારી દીકરીના મસ્તકને આ અડાડજો." બે હાથ જોડી તે ફૂલનો સ્વીકાર કરતાં તે સ્ત્રીએ પૂ. માના ચરણોમાં પ્રણામ કર્યાં.

તેણે પૂછ્યું, "આ ફૂલનું પછી મારે શું કરવું?" ગોપાલની



માએ એના પ્રત્યુત્તરમાં જણાવ્યું, "એ સૂકાઇ જાય એટલે એને ગંગાના જળમાં પધરાવી દેજો."

તે સૂચનનો વિરોધ કરતાં તે બોલી ઊઠી "ના, ના. આ તો ભગવાનનું પુષ્પ છે. હું તેને કેવી રીતે ફેંકી દઇ શકું? હું નવા કાપડની એક સુંદર નાની થેલી બનાવીશ. તેમાં તેને સાચવીને રાખીશ અને દરરોજ મારી દીકરીના મસ્તકે તથા શરીરે તેનો સ્પર્શ કરાવીશ."

પૂ. માએ તેના આ સૂચનને વધાવી લીધું. પછી તે સ્ત્રી જતાં જતાં બોલી, "મેં આપનો ઘણો સમય લીધો. આપ મને ક્ષમા કરજો."

પૂ. માએ કહ્યું, "એવું કંઇ નથી. તમારી સાથે વાત કરવામાં મને ખરેખર આનંદ આવ્યો. આવતા મંગળવારે તમે ફરી આવજો."

તે સ્ત્રીએ ફરી પૂ. માને પ્રણામ કરી વિદાય લીધી.

પોતે આપેલા વચનને પાળીને તે ફરી મંગળવારે પૂ. મા પાસે આવી. તેઓએ તેને પ્રેમપૂર્વક સત્કારી એટલું જ નહિ, પરંતુ તેની પાત્રતા જોઇ એને દીક્ષા પણ આપી.

શ્રીઠાકુરની કૃપાથી તેની માંદી પુત્રી સાજી થઇ ગઇ.

(૨)

**સ્વામી ગંભીરાનંદજી**

એક દિવસ આ 'શેતૂરના ચોર' તરીકે જાણીતા થયેલા મુસલમાનોમાંનો એક, શ્રીશારદામા પાસે થોડાં કેળાં લઇ આવી બોલ્યો, "હે મા, શ્રીઠાકુરને ધરાવવા હું આ કેળાં લાવ્યો છું તમે તે સ્વીકારશો?"

પૂ. માએ તેનો સ્વીકાર કરવા પોતાનો હાથ લંબાવી કહ્યું, “મારા વહાલા લાવ, જરૂરથી સ્વીકારીશ. તું જ્યારે ઠાકુર માટે જ તે લાવ્યો છે, ત્યારે હું શું કામ ન સ્વીકારું?” એ વખતે બાજુના ગામની પૂ. શારદામાની એક સ્ત્રી ભક્ત ત્યાં ઉપસ્થિત હતી, તે તો પૂ. માના આવા વિચિત્ર વર્તનથી એકદમ ડગાઈ ગઈ ને કહેવા લાગી, “અરે મા! આ ચોર લોકો છે. અમે એમને ઓળખીએ છીએ. એમની આપેલી વસ્તુ આપે શા માટે શ્રીઠાકુરને ધરાવવી જોઈએ?”

દેખીતી રીતે જ પૂ. માએ આવી અશિષ્ઠ ખલેલથી જરાય વિચલિત થયા વિના એ ફળોને કોઠારમાં મૂક્યાં અને તે માણસને મમરા ને મીઠાઈનો પ્રસાદ આપવા સૂચના આપી.

તે માણસ ગયો પછી પેલી સ્ત્રીને ઠપકો આપતાં તેઓએ કહ્યું, “કોણ સારા છે ને કોણ ખરાબ છે તે હું બરાબર સમજું છું.” તેઓનું જીવનકાર્ય અધ્યાત્મિક રીતે જેમનું પતન થયેલું છે તેમનો ઉદ્ધાર કરવાનું હતું. તેથી તેઓ કહેતાં “મનુષ્ય માત્ર ભૂલને પાત્ર છે; પરંતુ આવા પથ ભૂલેલાઓને દોરવણી આપવાની સમજ કેટલા બધા ઓછા માણસોમાં હોય છે!”

### સુવાક્ય

પ્યારા પ્રેમ મદિરાની પ્યાલીને હાથમાં લઈ લો. તેને અધર પર ચઢાવી દો. જુઓ કેવો નશો ચઢે છે? કેવો આનંદ આપે છે! જીવનનું સાર્થક્ય આ એક જ પ્રેમ જ છે. તે પ્રેમની મદિરાના પ્રેમી થઈ જાઓ.

યોગેશ્વરજી



# નિવૃત્તિ

રતિલાલ સાં. નાયક

ગતિ અને ત્વરાના ચક્રને આધારે આપણે કાળને માપવા મથીએ છીએ. જીવનના છઠ્ઠા દાયકે એનું એક માપબિન્દુ નક્કી કરી એને નિવૃત્તિ નામ આપીએ છીએ. કાળને મર્યાદિત કરી આપણે કાળના એક વળાંકે વિચારવા ઊભા રહીએ છીએ. કાળની થપાટો જીવ માત્ર ઉપર, અરે જડ સુદ્ધાંને, અસર કરતી હોય છે. પશુ પક્ષી મનુષ્ય બધાં કાળ દોરે તેમ દોરાય છે. સૂર્ય અને ચન્દ્ર પણ કાળરૂપી રથની રાશે બંધાયેલા જાણે બળદો છે. દિવસને કાળનું બંધન છે જ, અને રાત્રિ પણ સમયના અંકુશ હેઠળ છે. સમુદ્રનાં ભરતી અને ઓટ કાળનાં બંધને બંધાયેલાં છે. ફૂલ ખીલવા માટે સ્વયં સમયને સલામ કરે છે. કાળ એના ચાસ પાડે છે ને પદચિહ્નની ઓળખ મૂકે છે. કાળની આ લીલા-રમણાને આપણે માયાજાળ કહીએ છીએ.

છ દાયકા પછીનો સાતમો કોઠો ભલભલાને હચમચાવે છે. છ કોઠા સુધી તો અભિમન્યુની પેઠે સંઘર્ષ કરી શકાયો. સંસારનાં મોટા ભાગનાં શિખરો સર કરી શકાયાં. પણ હવેના વળાંકે ખરી કસોટી શરૂ થાય છે. યશ અને ધન રળી શકાયાં. સમાજજીવનમાં સર્વત્ર છવાઈ શકાયું. ક્યારેક હાર અને ક્યારેક જીત બન્ને થતાં, પણ શરીર અને મન મજબૂત હતાં એટલે શક્તિથી, શ્રદ્ધાથી અને જે કંઈ શસ્ત્ર અને શાસ્ત્ર હાથ ધર્યાં હતાં એનાથી આગળ વધી શકાયું. પણ હવે જ આ સાતમા કોઠાના આરંભે શરીર ડગવા લાગ્યું, મન આત્મવિશ્વાસ ગુમાવવા માંડ્યું. અંગ

ગલિતં પલિતં મુણ્ડં દશન વિહીનં જાતં તુણ્ડંની દશા આવી. નરસિંહ મહેતાએ 'ઊંબરા તો ડુંગરા થયા રે' કહી વર્ણવ્યું છે એ ઘડપણ એનો પ્રભાવ બતાવે છે. મન પણ એજ શરીરપિંજરનું પંખી હોવાના કારણે અડોલ રહી શકતું નથી. 'રામાયણ' પણ આજ વાત કથતાં માયાનદીના આ ખેલ બતાવે છે:-

શ્યામ કેશે બની શ્વેત, રાય દશરથને કહ્યું :
નિવૃત્તિની થઇ વેળા, છોડો માયા-પ્રવૃત્તિ સૌ.

અને દશરથ રાજપાટ છોડી રામરાજ્યાભિષેકનો સંકલ્પ જાહેર કરે છે. આજ પરિસ્થિતિ 'મહાભારત'માં છે. મહાભારત યુદ્ધની સમાપ્તિ પછી ધૃતરાષ્ટ્ર વિદુરની સમજાવટથી 'હવે જીવનનો અંતસમય નજીક આવી રહ્યો છે ત્યારે રાજમહેલમાં રહેવાથી મારું કંઇ કલ્યાણ થવાનું નથી વિચારી નગર છોડવા સંકલ્પ કરે છે. રાત્રે બધાં સૂઇ ગયા પછી ધીરેથી ઊઠી વિદુરનો ખભો પકડી કહે છે, 'ચાલ, આપણે ચાલી નીકળીએ.' પોતાના પતિવ્રતાપણાના પ્રભાવથી દિવ્યદૃષ્ટિ-પ્રાપ્ત ગાંધારી આ જાણી જઇને રાજાની આગળ થતાં કહે છે, 'જ્યાં રાજા ત્યાં રાણી. હુંયે સાથે આવું છું.' રાજા આનાકાની કરતાં કહે છે, 'દેવી! સદા સુખમાં ઊછરેલાં તમારે માટે વનગમન યોગ્ય નથી.' ગાંધારી જવાબ આપે છે, 'છાયા ક્યારેય શરીરથી અલગ રહી શકે છે? મારે ભોગ, ઐશ્વર્ય, દાસદાસી કે ધન જોઇતું નથી. હું તો તમારી સાથે જ આવવાની.' અને આમ આ સૌએ જમાનાની પ્રણાલિકા મુજબ વાનપ્રસ્થ મટી સંન્યસ્ત ગ્રહી વનસ્થલીમાં વિચરે છે.

નિવૃત્તિને આજે કયા સંદર્ભમાં વિચારીશું? 'નિવૃત્તિ' શબ્દ વિચારીને વપરાયો લાગે છે. 'નિર્વૃત્તિ' શબ્દ નથી



વપરાયો. નિવૃત્તિ એટલે વૃત્તિ બદલવી, જેમાં રત હોઇએ એમાંથી મનને બીજે વાળવું. જ્યારે 'નિર્વૃત્તિ' એટલે તો વૃત્તિ બંધ કરી દેવી અર્થાત્ મોક્ષ-સાવ બધું છોડી દેવું. જો આમ અકર્મણ્યતા કે નિષ્ક્રિયતા નિર્દેશાઇ હોત તો ગીતાભાખ્યા કર્મવાદના સિદ્ધાંતને બાધ આવત. નિવૃત્તિમાં પણ કર્મ તો કરવાનું છે જ. દુર્યોધને જેમ કહ્યું હતું, જાનામિધર્મં ન ચ મે પ્રવૃત્તિ:, જાનામ્ય ધર્મં ન ચ મે નિવૃત્તિ: એવું સાવ નહિ. આપણે નિવૃત્તિમાં ભોગ છોડી યોગ સાધવાનો છે. પણ કયો યોગ? આ યોગ એટલે એવું કર્મરત જીવન કે જેમાંથી સર્જનનો આનંદ પ્રાપ્ત થાય. એ સર્જનક્રિયા પોતાના વાસ્તે પણ હોય અને પરાર્થે પણ હોય. પરાર્થે વળાય એમ વધુ સારું. આ જ ખરું તપ ને સાધના. બીજાને માટે જીવતાં જઇશું, સમાજહિતનાં કર્મમાં પ્રવૃત્ત થતાં જઇશું તેમ તેમ આપણો અહં ઓગળશે-હુંપણું જશે ને સમષ્ટિમય બનીશું. આમ સમષ્ટિમય થવું એનું જ નામ પ્રભુપદની પ્રાપ્તિ. નિવૃત્તિ પછી નિર્વૃત્તિ બની રહેવાની-ભવના વારાફેરા ટળી જવાના.

કવિ ઉમાશંકર જોશીએ કહ્યું છે:-

જે જે થતો પ્રાપ્ત ઉપાધિયોગ,
બની રહો તે જ સમાધિયોગ.

## અણધારી સહાય

લેસ્ટર (યુ.કે.)ના શ્રી મોહનભાઇ જે. પટેલ અને સ્મિતાબેન પટેલે એમનાં બાળકો વડે એકત્રિત કરાયેલ લગભગ રૂા. ૩૫૦૦ જેવી અણધારી સહાય અધ્યાત્મને શ્રી પ્રભુભાઇ પટેલ દ્વારા કરી છે. શ્રી પ્રભુભાઇ અને એમનાં પત્ની રૂક્મિણીએ પણ પોતા તરફથી લગભગ રૂા. ૭૦૦ જેવી સહાય કરી છે. સહુ અભિનંદનનાં અધિકારી છે.

# લક્ષ્મીનો વિનિયોગ

**એક અનામી સંત**

ધનને ભારતીય પરિભાષામાં 'લક્ષ્મી' કહી છે. આ લક્ષ્મી સ્વભાવે ચંચળ છે અને તેનો હાથ બદલો થતો રહે છે.

લક્ષ્મીનો નિકાલ ત્રણ રીતે થાય છે. એક તો, જે વ્યક્તિ પાસે લક્ષ્મી હોય તે પોતા માટે અથવા પોતાના પરિવારના સભ્યોની સુખાકારી ને સગવડ માટે તેને ખર્ચતો રહે છે. જીવન સારી રીતે જીવવા માટે લક્ષ્મીનો યોગ્ય ઉપયોગ થાય તે હિતાવહ પણ છે. તેમાં કશું ખોટું નથી. પરંતુ તે જુગાર, વ્યસન કે વ્યભિચાર માટે, અથવા ખરાબ હેતુઓ માટે વપરાય તો તે ખરાબ છે. સારા માણસોએ એનાથી હંમેશ બચતા રહેવું જોઈએ.

લક્ષ્મીના વ્યયનો બીજો માર્ગ છે, દાન પુણ્યનો. સત્કર્મોના નિમિત્તે ખર્ચાવાનો. લોકહિતનાં કામો પાછળ કે ધાર્મિક હેતુઓ માટે વાપરવાનો. જ્યારે કોઈપણ દેશ કે સમાજમાં મોટા ભાગના લોકો સ્વકેન્દ્રી બની પોતાના કે પોતાના પરિવારો માટે ધન ખર્ચતા રહે છે, ત્યારે સમાજમાં એક પ્રકારની અસમતુલા ઊભી થઈ જાય છે. વળી અનેક ખોટા તરીકાઓ અજમાવી આ ધનસંચય કરવામાં આવતો હોય છે, ત્યારે તો સમાજમાં અનાચાર અને આતંગ ફેલાતો રહે છે. ખોટા કે ખરાબ માર્ગો કે ઉપાયો અજમાવી ખૂબ ધન કમાવું ને મોજમઝીહ કે જુગાર



વ્યભિચારોમાં છૂટા હાથે વાપરવું કે સત્તા ટકાવવા તેનો ઉપયોગ કરવો–એ આજના ઘણા ખરા રાજકીય નેતાઓ કે ઉદ્યોગપતિ ને વેપારીઓ કરતા જોવામાં આવે છે. પરંતુ તેઓ તેનું પરિણામ જાણતા નથી. એમને માટે ભગવાન ક્રાઈસ્ટના પેલા શબ્દો યાદ આવે છે. "પ્રભુ એમને ક્ષમા કરજે, કારણ તેઓ શું કરી રહ્યા છે તેની તેમને સમજ નથી."

પ્રભુવિણ જે કંઈ અન્ય તે, જાણો સૌ દુઃખરૂપ;
કાં હમણાં કે કાં પછી, પાડે તે ભવકૂપ. નાથભગવાન

IS:10001

ઓ. : ૨૫૬૬૮
ફે. : ૮૭૨૨૨
૮૭૬૨૪
ઘ. : ૪૧૪૩૧

ખેતીની સિંચાઈ માટે વિશ્વસનીય એન્જીન
"સત્યવાન" તથા "ચંદન"
૬, ૮ તથા ૧૦ હો. પા.
–: બનાવનાર :–

કનેરીયા એન્જીનીયરીંગ વર્કસ
ઢેબર રોડ, રાજકોટ–૩૬૦૦૦૨

# રામકથા

**યોગેશ્વરજી**

(ગતાંકથી ચાલુ)

(શ્રી યોગેશ્વરજીની સિદ્ધ કલમે આલેખાયેલ રામકથા)

'મારું શ્રેય તો સૌંદર્યવતી સીતાને મેળવવામાં અને એને મારી કરવામાં છે.'

'એ ખોટું છે. એ વિચારને મનમાંથી કાઢી નાખો.'

'નહિ કાઢી શકું. મને સીતા મળશે ત્યારે જ શાંતિ વળશે. હું સીતાની આકાંક્ષા રાખુ છું; તમારો ઉપદેશ નથી ચાહતો.'

"ઉપદેશ નથી આપતો પરંતુ સલાહ આપું છું. રાવણ રોષથી રાતોપીળો થઈ ગયો. એણે તલવાર તાણીને કહેવા માંડયું. 'તમે મને સલાહ આપનાર વળી કોણ? હું તમારી સલાહ નથી માગતો. ફક્ત મદદ માગું છું. એ મદદ ના આપી શકતા હો તો અત્યારે જ કહી દો જેથી એક વિપળનાય વિલંબ વિના આ તલવારથી તમારા મસ્તકને ધડથી અલગ કરી દઉં. મારી આજ્ઞાનું પાલન નહિ કરીને તમે જીવતા નહિ રહી શકો. મારાથી તમારો આ ઉપદેશ અથવા નિરર્થક પ્રલાપ નથી સહેવાતો."

મારીચના સમસ્ત શરીરમાં કંપારી છૂટી. એના મનમાં ભય ફરી વળ્યો. એને થયું કે અહિં રહીને રાવણના હાથથી મરવું એના કરતાં રાવણના આદેશાનુસાર વર્તીને રામના હાથે મરવું વધારે સારું છે. રાવણનો વિરોધ કરવાથી અથવા એને સમજાવવાનો વિશેષ પ્રયાસ કરવાથી એ પોતાને યમસદનમાં પહોંચાડી દેશે એ નક્કિ છે. એટલા માટે એનો વિરોધ કરવો વ્યર્થ છે.

એણે ક્રોધે ભરાયેલા રાવણને શાંત કરવાનો પ્રયાસ કરતા કહ્યું. 'રામનો વિરોધ કરીને પણ હું જીવતો તો નહિ જ રહી શકું. અને તમે પણ



મને જીવતો નહિ રહેવા દો. મૃત્યુ મારા મસ્તક પર ભમે છે. પ્રત્યેક પ્રાણીને માટે એ અવશ્યં ભાવિ છે. માટે તમારું કામ કરતાં કરતાં રામના હાથે મરવું પડે તો મરવા માટે તૈયાર છું. માટે શું કરવાનું છે તે મને કહી બતાવો.'

રાવણ જરાક શાંત ને પ્રસન્ન થઈને બોલ્યો : 'હવે તમારી બુદ્ધિએ તમને સાચી વાત કહી બતાવી. મારી આજ્ઞા પ્રમાણે ચાલવામાં તમારું કલ્યાણ છે. રામના હાથે તમારું મૃત્યુ શા માટે થશે? મેં તમારું મૃત્યુ થવાને બદલે મારે હાથે તમારું મહાન સન્માન થાય એવો સુંદર રસ્તો શોધી કાઢયો છે. મેં મારી બુદ્ધિનો ઉપયોગ કરીને મારા મંત્રીઓની સલાહથી એક સરસ યોજના ઘડી કાઢી છે. એ યોજના એટલી બધી અક્સીર છે કે વાત નહિ. એ યોજનાનો અમલ કરતાં કરતાં તમારું મરણ થશે તો પણ મારી આજ્ઞાના પાલનને પરિણામે થનારું એ મરણ તમારે માટે કલ્યાણકારક થઇ પડશે. તમારે બીજું કશું જ નથી કરવાનું. પરંતુ મારા આદેશનો અમલ કરવાનો છે.'

'હવે એક ઘડીનાય વિલંબ વિના મારા આકાશગામી વાયુવેગી રથમાં બેસી જાવ. આપણે બંને અત્યારે ને અત્યારે જ રામના પંચવટીના નિવાસ્થાને જઈશું. તમારે સીતાના મારી સાથે થનારા હરણમાં કેવો ભાગ ભજવવાનો છે તે સંબંધી સઘળી વાત તમને રસ્તે જતાં કહી બતાવું છું તે સાંભળીને તમને મારી અસાધારણ બુદ્ધિને માટે માન ઉત્પન્ન થશે. ચાલો રથમાં બેસી જાવ.'

રાવણ ઉભો થયો, આગળ વધ્યો, અને મારીચે એનું અનુસરણ કર્યું.

## સીતાનું હરણ

મારીચ સારી પેઠે સમજતો'તો કે પોતે એક ભયંકર કુકર્મમાં મદદરુપ થવા માટે તૈયાર થયો છે. એ સમજને પરિણામે એનો આત્મા ડંખતો'તો પણ ખરો છતાં પણ રાવણના ભયથી પોતે કુકર્મમાં મદદરુપ થવા માટે તત્પર થયો. એના મનોબળની એટલી નિર્બળતા માનીએ તો ચાલે.

વાયુવેગી, ગગનગામી રથમાં બેસીને આગળ વધતાં વધતાં રાવણે એને પોતાની સીતાહરણની યોજના સંક્ષેપમાં કહી બતાવી ત્યારે એને થયું કે પોતાનું મૃત્યુ હવે હાથવેંતમાં અને નિશ્ચિત છે. કોઇ પણ ઉપાય કરવામાં આવશે તો પણ એમાંથી હવે નહિ છૂટી શકાય.

નીચે દેખાતાં વિશાળ નયનાભિરામ નગરો, સુંદર વનપ્રદેશો, પર્વતો, જંગલો ને સરિતા પ્રવાહો પરથી પસાર થતાં રાવણે મારીચની સામે જોઇને કહ્યું. 'મારી યોજના સારી પેઠે સમજાઇ ગઇ ને?'

મારીચે ઉદાસીનતાપૂર્વક ઉત્તર આપ્યો. 'હા. સમજાઇ ગઇ.'

'એ યોજના પસંદ પડીને?'

'પસંદ પડી.'

કેટલી સરસ યોજના છે?' રાવણ અહંકારભરી ભાષામાં બોલી ઉઠયો. આવી યોજના મારા વિના સ્ફુરે પણ બીજા કોના મનમાં? મારા જેવી ને જેટલી બુદ્ધિ બીજા કોનામાં છે? બીજા કોઇને તો આવી કલ્પના પણ ના આવી શકે. હવે સીતાનું હરણ કરવાનું સહેલું થઇ પડશે. અને એકવાર એનું હરણ થઇ જશે એટલે મારી પટરાણી બનાવતાં પણ વાર નહિ લાગે.

મારીચ રાવણના પ્રતાપી મુખ તરફ જોઇ રહ્યો એટલે રાવણ બોલ્યો, 'આજે રામ, લક્ષ્મણ ને સીતા મારા બુદ્ધિબળનો ચમત્કાર પણ ભલે જુએ. એમને મારી આજની પ્રવૃત્તિથી પ્રતીતિ થશે કે રાવણ ઓછો બુદ્ધિશાળી નથી. સીતાનું હરણ કરવાનું મહત્ત્વનું કામ મારું છે. તમારે તો મેં કહ્યું તેમ એક જ આરંભનું કામ કરવાનું છે. સુવર્ણમૃગ બનીને સીતાના ધ્યાનને ખેંચીને સીતાને મોહિત કરવાનું, અને તમને પકડવા કે મારવા માટે આવતા રામને દૂર દૂર ખેંચી જવાનું તથા છેવટે લક્ષ્મણને પણ આશ્રમમાંથી યુક્તિ પ્રયુક્તિદ્વારા દૂર કરવાનું. એવી રીતે એકલી પડેલી સીતાની શક્તિ નથી કે સામનો કરી શકે. એને બળજબરીથી પકડી, રથમાં બેસાડીને હું લંકા પ્રતિ પ્રયાણ કરીશ.'

(ક્રમશઃ)

# દયા કરજે

હે દેવ! મારે ભાગે જે વ્યવહારનાં કામ આવશે તે નિભાવતો રહીશ, પણ તેમ કરતાં મારો ભાવ તમારા ચરણોમાં જ રહે એવું હું ઇચ્છું છું. હે મારા દાતાર! તેં જ જ્યારે અમને કર્મસૂત્રો વડે બાંધી રાખ્યાં છે તો અમારું શું ચાલવાનું છે? અમે અમારા પ્રારબ્ધ કર્મોનો બોજો અમારે માથે ઊંચકીને અમારો રસ્તો કાપતા રહીએ છીએ. દેહ દેહના ધર્મ મુજબ પોતાનું કાર્ય કરે જાય છે, પરંતુ તારા ચિંતનનું રહસ્ય અમારા મનમાંથી જરાપણ આઘુપાછું થાય નહિ, અર્થાત્ અમારા મનથી તો અમે તમારું જ ચિંતન કરતા રહીએ. દેહની ચેષ્ટાઓને અર્થે અમારું શરીર ગમે ત્યાં ફરતું ફરે પણ અમારા મનને તમારું ચિંતન કરવામાં કદી આળસ ઉત્પન્ન થાય નહિ; જે ઇન્દ્રિયોનો જે વ્યવહાર હોય તે ઇન્દ્રિયોવડે અમે વેપાર કરીએ ખરા પણ અમારો પ્રેમ તમારાં ચરણોમાં જ સ્થિર રહે, આટલાં વાનાં હું તમારી પાસે માગી લઉં છું. તુકારામ કહે છે કે હે દેવ! તું મને કાળને સ્વાધીન કરી દઇશ મા. એટલી તો તું મારી ઉપર જરૂર દયા કરજે. તારી આગળ હું એટલી જ ભિક્ષા માગું છું.

—સંત તુકારામ

ADHYATMA Regd. No. GBV 113

# આ દિવસો પણ ચાલ્યા જશે

જીવનમાં જેમ દુઃખ સ્થાયી નથી તેમ સુખ પણ શાશ્વત અથવા સદાને માટે રહેનારું નથી. એક કવિએ કહ્યું છે કે 'એકસરખા દિવસ સુખના કોઈના જાતા નથી. એટલે આજે જે સુખાનુભવ થઈ રહ્યો છે તે કાલે રહેશે જ એવી બાંયધરી કોઈનાથી આપી શકાય તેમ નથી. સુખ ને દુઃખ એક જ સિક્કાનાં બે પાસાં જેવાં નૈસર્ગિક છે અને એકની અપેક્ષા રાખનારે અન્યને માટે પણ તૈયાર રહેવું જ જોઈએ. સુખના પ્રભાવથી છકી ના જઈએ. સુખના નશામાં પડીને મિથ્યાભિમાની કે મોહાંધ બનીને કુમાર્ગગામી ના થઈએ. માનવતાનો મૃત્યુઘંટ વગાડીને દાનવતાના દૂત, પશુતાના પુરસ્કર્તા ના બનીએ. સુખ, સમૃદ્ધિ, શાંતિ, સંપત્તિનો સદુપયોગ કરીએ. જીવનના આત્યંતિક વિકાસ માટે એને માધ્યમ બનાવીએ. જાગૃતિપૂર્વક જીવીએ. ગણતરીપૂર્વકનાં સદ્‌બુદ્ધિથી સમલંકૃત બનીને ભરાયેલાં પગલાં ભરીએ.

સુખ અને દુઃખ બન્નેના દૃષ્ટા થઈએ. એમની પરિવર્તનશીલતાને પારખી લઈએ. સદાય વિચારીએ કે આ દિવસો પણ ચાલ્યા જશે. રૂપના, યૌવનના, પદના, પ્રતિષ્ઠાના, સત્તાના, અભ્યુત્થાનના અને અવનતિના, હર્ષ તથા વિષાદના, જન્મ ને મૃત્યુના—આ દિવસો પણ ચાલ્યા જશે. આપણે ઈચ્છીશું કે નહિ ઈચ્છીએ તોપણ ચાલ્યા જશે.

—યોગેશ્વરજી

પ્રાપ્તિસ્થાનઃ —પ્લોટ નં. ૧૬૮૮ બી. સરદારનગર, ભાવનગર—૧.
રાધેશ્યામ પ્રિ. પ્રેસ, હરિયાળા પ્લોટ, બોરડીગેટ, ભાવનગર—૧.